૨૦૦૩

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.આરોગ્ય વિભાગ દ્વારા ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૪૪૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૪૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા વસુલાતની કામગીરી દરમ્યાન નીચે જણાવેલ કુલ ૦૮ મિલ્કત સીલ કરવામાં આવેલ છે. કરદાતાઓ પાસેથી રૂા.૨૨,૦૧,૬૪૩/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

(૧) નરસિંહભાઈ કલ્યાણભાઈ પટેલ વિગેરે, બેઝમેન્ટ, પદમાવતી આવાસ, ડેરીફળિયા, સુરત. બાકી વેરો રૂા.૧૦,૦૪૯/–

(૨) કબ્જે.કાંતિભાઈ નારણભાઈ સિંગાલ, ફલેટ નં.૧૦૨, પહેલો માળ, વિધાતા પેલેસ/સી, રે.સ.નં.૯૮/૨ પૈકી મોટી વેડ, સુરત.

(૩) કબ્જે.પોપટભાઈ માવજીભાઈ હરખાની, ફલેટ નં.૨૦૨, બીજો માળ, વિધાતા પેલેસ/સી, રે.સ.નં.૯૮/૨ પૈકી મોટી વેડ, સુરત.

(૪) કબ્જે.ભાવેશભાઈ અમરસિંભાઈ હરખાની, ફલેટ નં.૨૦૩, બીજો માળ, વિધાતા પેલેસ/સી, રે.સ.નં.૯૮/૨ પૈકી મોટી વેડ, સુરત.

(૫) હો.કાંતિભાઈ ગંગાદાસભાઈ સુજીત્રા, પ્લોટ નં.જુનો ૨૪, નવો ૨૧, ધનરાજ કો.ઓ.હા.સો.લિ., ગજેરાસ્કુલની પાછળ, કતારગામ, સુરત.

(૬) હો.શાલીનીબેન મહેન્દ્રકુમાર મહેતા, ગોદિયાપીર ટેકરો, ગોટાલાવાડી, કતારગામ, સુરત.

(૭) અશોકકુમાર ભગવાનદાસ મહેતા, ગોદિયાપીર ટેકરો, ગોટાલાવાડી, કતારગામ, સુરત.

(૮) મહેન્દ્રકુમાર ભગવાનદાસ મહેતા, ગોદિયાપીર ટેકરો, ગોટાલાવાડી, કતારગામ, સુરત.

ઉપરોકત સાત મિલકતોને સીલ કરતાં તેઓ દ્વારા કુલ વેરો રૂા.૨,૫૮,૪૫૦/– ભરપાઈ કરતાં સીલ ખોલી નાંખવામાં આવેલ છે.

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૮૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૯૧,૫૨૬/– અને આર.સી.ની ૫૩ એન્ટ્રીમાં રૂા.૪,૧૭,૮૦૪/– મળી કુલ રૂા.૫,૦૯,૩૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૪૦/–, રીન્યુઅલની ૧૬ એન્ટ્રીમાં રૂા.૮૪૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૮,૭૪૬/– ચાર્જ વસુલ લીધેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૯૯,૯૪૧/–, દબાણ ચાર્જના રૂા.૩,૦૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૦૦૦/– મળી કુલ રૂા.૧,૦૪,૯૯૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**" Unite To End TB " સુત્ર આધારિત**

**વિશ્વ ક્ષય દિન–૨૦૧૬ નિમીતે લોક જાગૃતિ અર્થે રેલી**

**તથા ગાંધી સ્મૃતિ ભવન ખાતે અન્ય પ્રોગ્રામ**

''વિશ્વ ક્ષય દિન'' નિમીતે લોકોમાં ટીબી અને ડોટસની સારવાર પધ્ધતિ અંગે જાગૃતિ અને જાણકારી ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકાના આર.એન.ટી.સી.પી વિભાગના વડા ડો. કે.એન.શેલડીયા ધ્વારા એક રેલીનું આયોજન તા.૨૩/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ હતું. સદર રેલીનું પ્રસ્થાન સુરત મહાનગરપાલિકાનાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા ધ્વારા લીલી ઝંડી બતાવીને મકકાઈ પુલ ખાતેથી કરાવડાવ્યું હતું. આ રેલીમાં ડે.મેયર શંકરલાલ ચેવલી, નેતાશ્રી શાસક પક્ષ ગિરિજાશંકર મિશ્રા, આરોગ્ય સમીતી ચેરમેન અનિલ બિસકીટવાલા, રૂગ્ણાલય સમીતી ચેરમેન ડો.રમણભાઈ પરમાર, મસ્કતી ધર્માથ હોસ્પિટલ સલાહકાર સમીતી અધ્યક્ષ ઉર્વશીબેન રામીમાળી, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, સાપકુના ઓફીસર ડો.સોંધરવા, ઈન્ડીયન મેડીકલ ઓસોસીયેશનના પ્રમુખ ડો.પ્રશાંત દેસાઈ, સહીત અન્ય પદાધિકારીઓ–અધિકારીઓ , કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તથા સુરત મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરશ્રીઓ, આર.એન.ટી.સી.પીના તમામ એમ.ઓ.ટી.સી તથા આર.એન.ટી.સી.પીનો તમામ સ્ટાફ તેમજ એસટીડીસી પ્રોજેકટના કાઉન્સેલરો તથા તમામ ICDS વર્કરો સદર રેલીમાં ઉપસ્થિત રહયા હતા. રેલીના અંતે સુરત મહાનગપાલિકાના સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા સાહેબે રેલીમાં હાજર રહેનાર તમામ મહાનુભાવોનો આભાર માન્યો હતો.

ટીબી સંપુર્ણ પણે મટી શકે તેવો રોગ છે તેમ છતા વિશ્વમાં સૌથી વધુ ટીબીનાં કેસો ભારતમાં છે. તેનુ મુખ્ય કારણ સારવાર અધુરી છોડવાનું દર્દીનું વલણ છે. 'ડોટસ' પધ્ધતિમાં દર્દી સારવાર પર ન આવે તો તેની ઘરની મુલાકાત કરી સારવાર શરૂ કરવામાં આવે છે અને દર્દી સાજો થાય ત્યાં સુધી તેની કાળજી પૂર્વક તથા લાગણી સભર માવજત કરવામાં આવે છે તથા દર્દીને વીઆઈપી ગણવામાં આવે છે જેને લીધે જ 'દર્દી દેવ ભવ' નું સુત્ર અત્રે પ્રસ્તુત છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટીબીનાં નિદાન તથા સારવાર માટે વિનામૂલ્યે સુવિધા તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપલબ્ધ છે. મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ ટીબીની સારવાર બે વર્ષ જેટલી લાંબી હોય છે તથા તેનો લગભગ ત્રણ લાખ જેટલો ખર્ચ થાય છે, જે તમામ વિનામૂલ્યે આપવામાં આવે છે.

ઘણા દર્દીઓમાં દવા સાથે તેઓ સારો ખોરાક મેળવી શકતા નથી જેના લીધે તેની સારવાર સારી રીતે થઈ શકતી નથી, જેના લીધે તેઓ સારવાર અધૂરી છોડતા હોય છે. આપના **<u>સ્કેટ કોલેજ સ્ટુડન્ટસ ગ્રુપ</u>** ને આ હકીકતની જાણ થતા તેઓ આવા ખાસ ગરીબ દર્દીઓને " ન્યુટ્રીશનલ કીટ " વિતરણ કરવામાં આવેલ જે ઘણી આનંદની વાત છે .

ખાસ ટીબી અંગે ટીબીનાં હેલ્થ વર્કરો ધ્વારા તૈયાર કરવામાં આવેલ નાટક આકર્ષણ નું કેન્દ્ર બનયુ હતું જેનાં ધ્વારા ટીબી હવા ધ્વારા ફેલાય છે , ટીબીનુ નિદાન ગળફાની તપાસ ધ્વારા થઈ શકે છે, ટીબીનાં લક્ષણોમાં ખાંસી, જીણો તાવ, વજન ઘટવુ વિગેરે, ટીબી સંપૂર્ણ પણે મટી શકે છે તથા ડોટસ સારવાર ખૂબ અસરકારક છે જેવા સંદેશાઓ પ્રસારીત કરવામાં નાટક ધ્વારા અભિવ્યકત કરવામાં આવ્યુ હતું.

સુરત મહાનગરપાલિકામાં રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત કામગીરી કરતા તમામ ટીબી હેલ્થ વીઝીટરો, સુપરવાઈઝરો, મેડીકલ ઓફીસરો, લેબોરેટરી ટેકનીશ્યનો, આંગણવાડી વર્કરો , કાઉન્સેલરો તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ આખા વર્ષ દરમ્યાન સારી કામગીરી કરેલ છે તેના પ્રતિક રૂપે અત્રે એવોર્ડ આપી સન્માનીત કરવાનો આ પ્રયત્ન છે જેથી તેમને પણ ખૂબ ઉત્સાહ પૂર્વક કામગીરી કરવા પ્રેરણા આપશે તથા તેનો અર્થ એ નથી કે જેમને એવોર્ડ નથી મળ્યો તેઓ એ કામ બરાબર નથી કર્યુ, તેમને પણ પ્રેરણા લઈ ટીબીના દર્દીઓને બચાવવા કામગીરી તથા દર્દીઓનું કાઉન્સેલીંગ કરવા નમ્ર અપીલ છે.



વિશ્વ ક્ષય દિન નિમીતે ગાંધી સ્મૃતિ ભવન ખાતે ૨૦૧૫માં સારી કામગીરી કરનાર અધિકારી, કર્મચારી , પ્રાઈવેટ ડોકટરો, આંગણવાડી કાર્યકરો તથા અન્ય સંસ્થાઓને યોજવામાં આવેલ એવોર્ડ સમારંભમાં નેતાશ્રી શાસક પક્ષ, આરોગ્ય સમીતી ચેરમેન, રૂગ્ણાલય સમીતી ચેરમેન, મસ્કતી ધર્માથ હોસ્પિટલ સલાહકાર સમીતી અધ્યક્ષ, આરોગ્ય અધિકારી ધ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો. તથા ટીબી રોગથી ડોટસ સારવાર ધ્વારા મૂકત થયેલ દર્દીઓને પણ એવોર્ડ અને ન્યુટ્રીશનકીટ આપી સન્માન કરીને પહેલ કરવામાં આવેલ હતી.



## "Unite To End TB " સુત્ર આધારિત

### વિશ્વ ક્ષય દિન–૨૦૧૬ નિમીતે લોક જાગૃતિ અર્થે રેલી

વિશ્વ ક્ષય દિન નિમીતે લોક જાગૃતિ અર્થે મકકાઈ પુલથી રેલીનું પ્રસ્થાન મેયરશ્રી અસ્મિતા શિરોયા ધ્વારા કરવામાં આવ્યુ હતુ. તેમની આગેવાની હેઠળ ડે.મેયર શંકરલાલ ચેવલી, નેતાશ્રી શાસક પક્ષ ગિરિજાશંકર મિશ્રા, આરોગ્ય સમીતી ચેરમેન અનિલ બિસકીટવાલા, રૂગ્ણાલય સમીતી ચેરમેન ડો.રમણભાઈ પરમાર, મસ્કતી ધર્માથ હોસ્પિટલ સલાહકાર સમીતી અધ્યક્ષ ઉર્વશીબેન રામીમાળી, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક, સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા, સાપકુના ડો.સોંધરવા, ઈન્ડીયન મેડીકલ ઓસોસીયેશનના પ્રમુખ ડો.પ્રશાંત દેસાઈ, સહીત અન્ય પદાધિકારીઓ–અધિકારીઓ , કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. આરોગ્ય કાર્યકર્તાઓ ધ્વારા સુત્રોચાર સહિત વિવિધ પ્લેકાર્ડ સાથે રેલી તેમના રૂટ પર આગાળ વધી ગાંધી સ્મૃતિ ભવન ખાતે પૂર્ણ થયેલ હતી.

# <u>પ્રેસ નોટ</u>

મહિલા બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર, સુરત મહાનગરપાલિકા તથા જીલ્લા પંચાયત સુરતનાં ઉપક્રમે તા.૨૨/૦૩/૨૦૧૬નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનોને માતા યશોદા એવોર્ડ વિતરણ કાર્યક્રમ માનનીય મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા હસ્તક યોજવામાં આવેલ. આ સમારંભમાં અન્ય અતિથિ ઓમાં ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, હોસ્પિટલ સમિતિ ચેરમેન ડો રમણભાઈ પરમાર, મહિલા બાળ વિકાસ યુવા પ્રવૃતિ સમિતિ જીલ્લા પંચાયત, સુરત શ્રીમતી પુષ્પાબેન મિસ્ત્રી, સાંસ્કૃતિક ચેરમેન શ્રીમતી રૂપાબેન શાહ, એસ.ટી.નિગમનાં ચેરમેન શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, જીલ્લા વિકાસ અધિકારીશ્રી વિજય ખટાડી તથા આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વૃધ્ધિ કરેલ.

કાર્યક્રમની શરૂઆત બાળગણેશ કૃતિ રૂપે પ્રાથનાથી કરવામાં આવી. ત્યારબાદ કલાશ્રી સંસ્થા ધ્વારા સ્વાગત ગીત ગાઈ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યુ. હોળી તહેવાર નજદીક હોય આંગણવાડી બહેનો ધ્વારા હોળી નૃત્ય રજુ કરવામાં આવ્યું.

માનનીય મેયરશ્રીમતી અસ્મિતાબેને તેમના પ્રવચનમાં આંગણવાડી કાર્યકર બહેનોની કામગીરી વિરદાવી અને જે બહેનોને પુરસ્કાર મળ્યા તેમને સૌને શુભેચ્છાઓ પાઠવી. તેમણે બહેનોને માનવતાના આ કાર્યમાં પૂરી નિષ્ઠા અને ખંત કામ કરવા જણાવ્યુ અને સુરતમાં એકપણ બાળક કુપોષિત ન રહી જાય તેની વિશેષ કાળજી લેવાનું કહયુ. તેમણે સરકારશ્રી ધ્વારા ગ્રાંટ થકી આંગણવાડીનાં  પાકા મકાનમાં તમામ સુવિધા સહીત બની રહયા છે. તેની પ્રશંસા કરી તેમણે બહેનોને આર્થિક પગભર થઈ કુટુંબ ગુજરાનમાં પોતાનુ યોગદાન આપવા જણાવ્યું આ પુર્વે આરોગ્ય સમિતિનાં ચેરમેન શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાએ આંગણવાડી બહેનોને ખરા અર્થમાં માતા યશોદા બની ગરીબ બાળકોને તકેદારી રાખવા જણાવ્યુ. આ કાર્યક્રમમાં જીલ્લા અને શહેરનાં મળી કુલ ૨૦ કાર્યકર અને ૨૦ તેડાગર બહેનોને રૂા. ૬,૦૦,૦૦૦/– નાં ચેક મહાનુભાવોએ રસીદ ધ્વારા  વિતરણ કરવામાં આવ્યા.


વિતરણ સમારોહ

૨૦૦૬

**સુરત મહાનગરપાલિકા**

**જાહેર આરોગ્ય વિભાગ**

**સ્વચ્છત ભારત અભિયાન**

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે. હોળી ધુળેટી નીમીતે પ્લાસ્ટીક કોથળી, ફુગ્ગા તેમજ જુદા જુદા રંગોનું વેચાણ કરતી સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકની પાતળી કોથળી તેમજ ફુગ્ગાઓ તથા પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટીક (બેગ/ઝભલા કોથળીયો) નો ઉપયોગ કરતી સંસ્થાઓમાંથી પ્લાસ્ટીક વિગેરે જપ્ત કરવા બાબતનું તા.૨૩/૦૩/૧૬નાં રોજ દરેક ઝોન વિસ્તારમાં અભિયાન હાથ ધરવામાં આવેલ હતુ.

જે અંતર્ગત આજરોજ તમામ ઝોન વિસ્તારોમાં આરોગ્ય વિભાગના સુપરવાઈઝર સ્ટાફોની ટીમો બનાવી દરેક ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ હોળી/ ધુળેટી નીમીતે પ્લાસ્ટીક કોથળી, ફુગ્ગા તેમજ જુદા જુદા રંગોનું વેચાણ કરતી સંસ્થા/અન્ય સંસ્થાઓમાં સઘન ચેકીંગ હાથ ધરવાની કામગીરીમાં કરવામાં આવી હતી. જેમાં ૯૨૮ સંસ્થાઓ ચેક કરતા આ સંસ્થાઓમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકની પાતળી કોથળી તેમજ ફુગ્ગાઓ વેચાણ કરતા માલુમ પડતા ૫૪.૫૫૦ પ્રતિબંધિત પ્લાસ્ટીકની પાતળી કોથળી તેમજ ફુગ્ગાઓ તેમજ ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટીક (બેગ/ઝભલા કોથળીયો) નો ઉપયોગ કરતી સંસ્થાઓમાંથી ૭૮.૭૦૦ કી.ગ્રા. આમ કુલ ૧૩૩.૨૫૦ કી.ગ્રા પ્લાસ્ટીક જપ્ત કરી ૩૪૪ ઈસમો પાસે રૂા.૪૭,૮૫૦/–નો વહીવટી ચાર્જ વસુલ કરી ૧૨૮ ઈસમોને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી આગામી દિવસો દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવશે.

૨૦૦૭

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૩/૦૩/૨૦૧૬ ના રોજ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથઝોન(ઉધના) માં ટી.પી. ૫૭(પાંડેસરા),માં આવેલ અંબિકાનિકેતન સોસાયટીમાં આવેલ પ્લોટ નં. ૨૩૬ માં અત્રેથી વારંવાર મિલકતદારને બાંધકામ બંધ રાખવા સૂચના આપવામાં આવેલ છતા પણ અત્રે થી આપવામાં આવેલ સૂચના ને અવગણીને મિલકતદાર ધ્વારા બાંધકામ ચાલુ રાખવા અત્રેની કચેરી દ્રારા આર.સી.સી.તથા ચણતરકામ સહીત નું આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ડીમોલેશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૩૦,૦૦૦/– ડિપોઝીટ, ૩૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

# સાઉથઝોન(ઉધના)

# સુરત મહાનગરપાલિકા

**તા.૨૩.૦૩.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૧.૧૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે,તથા **કુલ–૦૯** લોકેશન **૧૯૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા મોજે સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ડ્રા.ટી.પી. ૫૭(પાંડેસરા)માં અંબિકાનિકેતન સોસાયટીના, પ્લોટનં.–૨૩૬ **માં** આશરે **૧૫૦૦ ચો.મી** આર.સી.સી. સ્લેબ અને ચણતર નું ડિમોલીશન, વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૦૦૦૦/–** અને ડિમોલીશન ચાર્જ પેટે **રૂા.૩૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે, તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ **૦૪** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાંણા પેટે **રૂા. ૫૦૨૨/–** વસુલ લેવામાં આવેલ,**આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૬૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૩૮.૦૮** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા. ૪.૭૯** લાખ થયેલ છે., **૫** EC તથા **૨** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩૫૫૨/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૬૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૮૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૪** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૯૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૯૮.૧૪૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા. ૧૬૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૫૫૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૮૨૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૮૪૫** કરવામાં આવેલ છે. જયારે **૨૪** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ છે.

## પ્રસનાટ

## UIDAI થકી AUA તથા KUA બનનાર

## સુરત મહાનગરપાલિકા દેશની પ્રથમ મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા ઇન્ફર્મેશન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ નાગરિકોને ઝડપી તથા સરળતાથી સેવાઓ ઉપલબ્ધ કરવા માટે કટીબદ્ધ છે અને તે અંતર્ગત વખતો-વખત વિવિધ ઈનીશીએટીવ લેવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકલક્ષી વિવિધ સેવાઓમાં બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન તથા કે.વાય.સી (KCYC) ની જરૂરીઆત રહે છે. આ પ્રકિયાને સરળ બનાવવાના હેતુથી UIDAI ના આધાર(Aadhar)ના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન તથા eKYC સર્વિસનો ઉપયોગ કરવાનું આયોજન હેઠળ છે. UIDAI ના આધાર (Aadhar) ના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન તથા eKYC સર્વિસનો ઉપયોગ કરવા માટે Authentication User Agency (AUA) તથા KYC User Agency (KUA) બનવાની જરૂરીઆત રહે છે.

KYC યુઝર એજન્સી તરીકે આધાર નંબર નાખવાથી બેંગલોર ખાતે મુકવામાં આવેલ ડેટાબેઝને સુરત મહાનગરપાલિકાને એક્સેસ મળી શકે છે. જેથી આધાર નંબર જણાવનાર વ્યક્તિની સાચા અર્થમાં ખરાઈ થઇ શકે છે. સદર પ્રકિયા ફક્ત એક-બે સેકંડમાં જ પૂર્ણ થાય છે.

Authentication User Agency તરીકે આધાર નંબર નાખવાથી આધાર ડેટાબેઝ ઉપરથી સુરત મહાનગરપાલિકા સદર વ્યક્તિ અંગે ઓનલાઈન ખરાઈ કરી શકશે. જેનો ઉપયોગ હાજરી પુરાવવા તથા વિવિધ સરકારી યોજનાઓનાં લાભોનું વિતરણ કરવામાં કરી શકશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા UIDAIને Authentication User Agency (AUA) તથા KYC User Agency (KUA) બનવા માટે અરજી કરવામાં આવેલ. UIDAI દ્વારા ખાસ કિસ્સામાં સુરત મહાનગરપાલિકાને Authentication User Agency (AUA) તથા KYC User Agency (KUA) બનવા માટે મજુરી આપવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા UIDAIની AUA તથા KUA સર્વિસ મેળવવા CDAC (Center for Development of Advanced Computing) સાથે ભાગીદારી કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા UIDAI ના બાયોમેટ્રિક ડેટાબેઝને એક્સેસ કરવા માટે CDAC ની ASA (Authentication Service Agency) સર્વિસનો ઉપયોગ કરવામાં આવશે. **Authentication User Agency (AUA) તથા KYC User Agency (KUA) બનનાર સુરત મહાનગરપાલિકા દેશની પ્રથમ મહાનગરપાલિકા બનશે.**

સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ સેવાઓની સાંકળતો S-Connect કાર્ડ અમલીકરણમાં મુકવાનું આયોજન છે. સદર S-Connect કાર્ડ નાગરિકો BRTS, City Bus, Library, Swimming Pool જેવી વિવિધ સેવાઓના ઉપયોગ માટે તથા સેવાઓના પેમેન્ટ માટે કરી શકશે. તદઉપરાંત બાયોમેટ્રિક હાજરી માટે તથા રાહત દરે દવા-તબીબી સારવાર જેવી વ્યવસ્થા પણ આધાર કાર્ડ તથા સુરત મહાનગરપાલિકાનાં AUA/KUA દ્વારા સુવ્યવસ્થિત રીતે પૂરી પાડી શકાશે. સદર S-Connect કાર્ડ મેળવવા માટે આધાર કાર્ડની જરૂરીઆત રહે છે અને સુરત મહાનગરપાલિકાના Authentication User Agency (AUA) તથા KYC User Agency (KUA) બનવાથી ઓથેન્ટીકેશન તથા KYC સરળતાથી કરી શકાશે. ભવિષ્યમાં પણ મહાનગરપાલિકાની દરેક સેવાઓને આધાર ઓથેન્ટીકેશન તથા KYC સાથે જોડવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત** મહાનગરપાલિકા તરફથી **સાદર**
**સમાચાર** યાદી નં. 2009
**તા.** ૨૭-૦૬-૨૦૧૬

## આઉટડોર એડવર્ટાઈઝીંગ પોલીસી

સુરત શહેર ગુજરાતના આર્થિક પાટનગર તરીકે ગણના પામે છે તેમજ વસ્તીની દ્રષ્ટિએ દેશનું આઠમું તેમજ રાજયનું બીજુ શહેર છે. સુરત શહેર ઔધોગિક તેમજ ધંધાકીય રીતે ખુબજ સમૃધ્ધ હોય, આ શહેરમાં આઉટડોર જાહેરાત/વિજ્ઞાપનના ક્ષેત્રે ઘણી ઉજજવળ તકો ધરાવે છે. તેમ છતાં, આઉટડોર એડવર્ટાઈઝીંગની અંગેની કોઈ ચોકકસ ગાઈડ લાઈન તથા કાર્ય પધ્ધતિ અમલમાં ન હોવાથી રાષ્ટ્રીય તથા આંતંરાષ્ટ્રીય કક્ષાની એડવર્ટાઈઝીંગ એજન્સીઓ સુરત શહેરમાં આ ક્ષેત્રે સામેલ થયેલ નથી. જેને કારણે અન્ય વિકસીત શહેરોની સરખામણીમાં સુરત મહાનગરપાલિકાને આ ક્ષેત્રની આવક ખુબ ઓછી છે. વધુમાં, જાહેરાત માટેની ચોકકસ નિતી / કાર્યપધ્ધતિ નહીં હોવાથી સુરત શહેરના રાહદારીઓની સલામતી / ટ્રાફીક તથા સુંદરતાને વિપરીત અસર થઈ રહેલ છે. ઉપરોકત ક્ષતિઓને દુર કરવા માટે આઉટડોર એડવર્ટાઈઝીંગ પોલીસી તથા માસ્ટર પ્લાન બનાવી તે મુજબ અમલ કરવો જરૂરી જણાતા સુરત મહાનગરપાલિકા ધ્વારા સદરહું પોલીસી અને માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટની પસંદગી સારું ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જે અન્વયે મળેલ ટેન્ડરોમાં DIMTSL-દિલ્હી ઈન્ટીગ્રેટેડ મલ્ટી–મોડેલ ટ્રાન્ઝીટ સીસ્ટમ લિમીટેડ ધ્વારા આપવામાં આવેલ ઓફર ખુબ યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. સદરહું સંસ્થા આ ક્ષેત્રની ખુબ જ અનુભવી જાહેર ક્ષેત્રની સંસ્થા છે. સદરહું સંસ્થા ધ્વારા સુરત મહાનગરપાલિકામાં હાલમાં અમલી જાહેરાતની નિતી / કાર્યપધ્ધતિ તેમજ કાયદાઓ / નિયમોનો ખુબ જ ઉંડાણ પૂર્વક અભ્યાસ કરી હાલના જાહેરાતના ક્ષેત્રે આવકોનો પણ અભ્યાસ કરવામાં આવનાર છે તથા જાહેરાતના ક્ષેત્રે હાલમાં અમલી કાયદાકીય પરિસ્થિતિનો પણ અભ્યાસ કરી, સદરહું અભ્યાસના આધારે સમગ્ર શહેર માટે આઉટડોર એડવર્ટાઈઝીંગ માટે સૂચારૂ નિતી નકકી કરી તેને અનુરૂપ માસ્ટર પ્લાન તથા નિયમોનું ગઠન કરશે. તેમાં ખાસ કરીને શહેરની સલામતી, સુંદરતા તથા સુરત મહાનગરપાલિકાની આવકના પાસાઓને ધ્યાને લેવામાં આવશે. સદરહું સંસ્થા ઉકત મુજબ તૈયાર કરેલ પોલીસી અને માસ્ટર પ્લાન મુજબ અમલ કરવા માટે એડવર્ટાઈઝીંગ એજન્સી નકકી કરવા માટેની યોગ્ય બીડ પ્રોસેસ પણ તૈયાર કરી સુરત મહાનગરપાલિકા માટે યોગ્ય એડવર્ટાઈઝીંગ એજન્સીની પસંદગી કરવાની કાર્યવાહી કરનાર છે. વધુમાં, ઉપરોકત એજન્સી GIS ટેકનોલોજીનો ઉપયોગ કરી આઉટડોર એડવર્ટાઈઝીંગનું મોનીટરીંગ અને ઈવેલ્યુએશનની કામગીરી પણ કરનાર છે, જેનાથી ગેરકાયદેસર ઉભા થતા હોર્ડીંગ / કિયોસ્ક વિગેરેનું અસરકારક નિયંત્રણ થઈ શકશે તથા સુરત શહેરની આઉટડોર એડવર્ટાઈઝીંગ ક્ષેત્રની પુરી ક્ષમતાથી ઉપયોગ કરી શહેરની સલામતી તથા સુંદરતાની સાથોસાથ સુરત મહાનગરપાલિકાને વધુમાં વધુ આવક થાય તે મુજબની પોલીસી અને માસ્ટર પ્લાન તૈયાર કરી રજુ કરશે.

આજ તા.૨૩/૦૩/૨૦૧૬ ના રોજની TSC-ટેન્ડર સ્ક્રુટીની કમિટિમાં આ કામ રજુ થયેલ જેમાં કમિટિને DIMTSL-દિલ્હી ઈન્ટીગ્રેટેડ મલ્ટી–મોડેલ ટ્રાન્ઝીટ સીસ્ટમ લિમીટેડની ઓફર યોગ્ય જણાયેલ છે.

# <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૨૬/૦૩/૧૬</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં વૈરાગીની વાડી,મચ્છીબજાર,મહેતા ગ્રાઉન્ડ ઝુપડપટ્ટી,એ.કે.ટાવરની ગલી,રાવણતાડ,વ્હોરા કબ્રસ્તાન જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં EWS આવાસ,ખોડિયરનગર પાસે,રેવાનગર,ભરવાડ વસાહત,હિદાયતનગર,સંત તુકારામ–૨,તાપી દર્શન જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં મોરારજી વસાહત,ગણપતનગર,સંગમ નગર,ભકિતનગર,હળપતિવાસ, હયાત નગર,રણછોડ નગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં રાવનગર, સંજયનગર,શ્રમજીવી વસાહત,મહાદેવનગર,મહારાણા પ્રતાપ,વ્રજધામ સોસા જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં દમણ ફળિયું, હળપતિવાસ, શિવશકિત સોસા.,આભવાગામ,અલથાણ હળપતિવાસ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નવનાથ સો., ફુલવાડી, મીનાક્ષીવાડી,શાંતિનીકેતન સો.,સરદારનગર,દેવીકૃપા સો.,એચ–૪ કોસાડ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ધોબીખાડી, ખારવાચાલ,રાજીવ નગર, કોહીનુર સોસા,ડેરી ફળિયું, મંદિર ફળિયું,,સમર્પણ, આનંદધારા, યોગીધારા, મુકિતધામ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં........

– ૨૮૯૪૩ ઘરોમાંથી ૬૬૨૬૮ બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૫૨૧ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

–૧૧૦૨૨ પાત્રોને ખાલી કરવામાં આવ્યા.

–૨૭૭૮૮ કંટેનરોને ટેમીફોસ ટ્રીટમેન્ટ આપવામાં આવી.

–૯૭૮ નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.

–૧૪૬૨ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા.

– આરોગ્ય રક્ષણ સંબંધી ૭૩ નોટિસ આપવામાં આવી અને ૪૮ ઇસમો પાસેથી રૂ. ૧૭૬૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

–૧૧૨૦૩ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું.

–૫૪૩ કંટેનરોને કપડાથી ઢાંકવામાં આવ્યા.

આ ઉપરાંત સા.ઇસ્ટ ઝોનમાં ૫ ડ્રમ,કેરબામાં નળ ફીટીંગ કરવામાં આવ્યું.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

# પ્રેસનોટ

# સાઉથઝોન(ઉધના)

# સુરત મહાનગરપાલિકા

**તા.૨૮.૦૩.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે,તથા **કુલ–૦૪,** લોકેશન(ખાડા) **૨૦૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૬** લોકેશન **૧૪૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા રોડ પૈકી ૨ લારીઓ અને રૂ.૨૮૦૦ નો દંડ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ **૦૫** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાંણા પેટે **રૂા. ૨૪૮૬૫/–** વસુલ લેવામાં આવેલ,**આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૫૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૪૫.૫૦** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા. ૯.૯૧**લાખ થયેલ છે., **૬** EC તથા **૩** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૫૧૨/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૩૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૮૦** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૭૦.૦૫** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૮** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા. ૨૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૯૫૦૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૨૭૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૯** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૨૫** કરવામાં આવેલ છે. જયારે **૨૧** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# ંસુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૧૬ થી તા.૨૭/૦૩/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૨૫૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૮૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૮૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૧૦૫૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૯૮૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૭૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા વસુલાતની કામગીરી દરમ્યાન નીચે જણાવેલ કુલ ૦૮ મિલ્કત સીલ કરવામાં આવેલ છે. કરદાતાઓ પાસેથી રૂા.૪૭,૪૮,૦૮૯/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

(૧) કબ્જે. મંજુલાબેન બાબુભાઈ પ્રજાપતિ, ૩૫૩, હરિદર્શન કો.ઓ.હા.સો., સુરત.

(૨) કબ્જે. લીલાબેન મણીલાલ પ્રજાપતિ, ૩૫૪, હરિદર્શન કો.ઓ.હા.સો., સુરતની મિલકતોને સીલ કરતાં તેઓ દ્વારા કુલ

વેરો રૂા.૫૫,૩૦૦/– ભરપાઈ કરતા સીલ ખોલી નાંખવામાં આવેલ છે.

(૩) કબ્જે. પ્રેસીડેન્સી હરીદર્શન સોસા.,૧૧૯, હરિદર્શન કો.ઓ.હા.સોસા., સીંગણપોર, સુરત. બાકી વેરો રૂા.૨૭,૬૬૦/–

(૪) કબ્જે. વંદનાબેન પ્રવિણભાઈ નારોલા, પ્લોટ નં.૫૪, ઈશ્વર મોતી ઈન્ડ.સોસા., નાની બહુચરાજી પાછળ, વેડરોડ,

સુરત. બાકી વેરો રૂા.૪૪,૦૪૯/–

(૫) કબ્જે.પ્રવિણભાઈ હરીભાઈ નારોલા, પ્લોટ નં.૫૫, ઈશ્વર મોતી ઈન્ડ.સોસા., નાની બહુચરાજી પાછળ, વેડરોડ,

સુરત. બાકી વેરો રૂા.૪૩,૫૮૦/–

(૬) હો.રાકેશ કિશોરચંદ્ર દલાલ વિગેરે, પ્લોટ નં.૭૮/બી, રામેશ્વર એસ્ટેટ, વેડરોડ, સુરત. બાકી વેરો રૂા.૩૮,૫૫૩/–

(૭) હો.કલ્પેશ કિશોરચંદ્ર દલાલ વિગેરે, પ્લોટ નં.૭૭/બી, રામેશ્વર એસ્ટેટ, વેડરોડ, સુરત. બાકી વેરો રૂા.૨૬,૮૦૦/–

(૮) હેમા ટેક્ષટાઈલ વિગેરે, શેડ નં.૨૨,૨૩, ટુંકી વેડરોડ, સુરત. બાકી વેરો રૂા.૪૦,૪૭૦/–

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૭૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૮૦ એન્ટ્રીમાં રૂા.૨,૨૫,૧૯૦/– અને આર.સી.ની ૯૩ એન્ટ્રીમાં રૂા.૭,૯૯,૯૭૮/– મળી કુલ રૂા.૧૦,૨૫,૧૬૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૨૦/–, રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૪૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૧૩,૧૦૦/–, દબાણ ચાર્જના રૂા.૧૪,૮૧૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૪,૮૦૦/– મળી કુલ રૂા.૧,૩૨,૭૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૧૬/૦૩/૧૬ થી તા.૩૧/૦૩/૧૬ દરમ્યાન ભારત સરકારના આદેશ અનુંસાર સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આવેલ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ મુખ્ય માર્કેટ વિસ્તારમાં સધન અને અસરકારક સાફ સફાઈ ઝુંબેશના કાર્યક્રમ માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં મિશન ડાયેરેકટરશ્રી "મહાત્મા ગાંધીજીની સ્વચ્છતા મિશન" ગાંધીનગરના તા.૧૦/૦૩/૧૬ના પત્ર મુજબ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ માર્કેટ વિસ્તારમાં ખાસ સધન સાફ સફાઈ ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ જે અંતર્ગત આજ તા.૨૬/૦૩/૧૬ના રોજ ઉધનાઝોનના ઉધના ગામતળ વિસ્તારમાં મહાદેવ મંદિર, બળિયાદેવ મંદિર ઉધનાગામ તેમજ મુખ્ય માર્કેટ જેવી કેસોનલ માર્કેટ, ભેસ્તાનમાર્કેટ, અમૃતનગર, શાંતીનગરમાર્કેટ, શાસ્ત્રીનગરમાર્કેટ, રોડ નં.૧ ઉધનાસંઘમાર્કેટ, છત્રપતી શીવાજી માર્કેટ, ગૌરીનગરમાર્કેટ, વડોદમાર્કેટ, ઉનમાર્કેટ, વિજયાનગરમાર્કેટ વિસ્તારમાં ઘનિષ્ઠ સાફ સફાઈ હાથ ધરવામાં આવેલ હતી જેમાં ૬૭ સફાઈ કામદાર, ૧૫ સુપરવાઈઝર સ્ટાફની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરાવી જેમાં ૧.૮૭૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરાવ્યા બાદ ૫૪૬ કીલોગ્રામ જંતુનાશાક પાવડરનો છંટકાવ કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. તેમજ તમામ શાકમાર્કેટમાં વેચાણ કર્તાઓને સ્વચ્છતા રાખવા બાબતે કડક સુચના આપવામાં આવેલ હતી.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૧૬/૦૩/૧૬ થી તા.૩૧/૦૩/૧૬ દરમ્યાન ભારત સરકારના આદેશ અનુંસાર સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આવેલ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ મુખ્ય માર્કેટ વિસ્તારમાં સઘન અને અસરકારક સાફ સફાઈ ઝુંબેશના કાર્યક્રમ માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં મિશન ડાયેરેકટરશ્રી ''મહાત્મા ગાંધીજીની સ્વચ્છતા મિશન'' ગાંધીનગરના તા.૧૦/૦૩/૧૬ના પત્ર મુજબ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ માર્કેટ વિસ્તારમાં ખાસ સઘન સાફ સફાઈ ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ જે અંતર્ગત આજ તા.૨૮/૦૩/૧૬ના રોજ કતારગામઝોનના વિસ્તારમાં ડચ સિમેન્ટ્રી કતારગામ દરવાજા, સીંગણપોરગામ સર્વે નં. ૫ તેમજ મુખ્ય માર્કેટ જેવી કે રામકોલોનીમાર્કેટ, માનસરોવર સર્કલ અમરોલીમાર્કેટ, ગોતાલાવાડીમાર્કેટ, સીંગણપોરમાર્કેટ, કંતારેશ્વરમાર્કેટ, મગનનગરમાર્કેટ, શીવનગરમાર્કેટ વિસ્તારમાં ઘનિષ્ઠ સાફ સફાઈ હાથ ધરવામાં આવેલ હતી જેમાં ૯૬ સફાઈ કામદાર, ૧૯ સુપરવાઈઝર સ્ટાફની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરાવી જેમાં ૬.૦૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરાવ્યા બાદ ૩૦૫ કીલોગ્રામ જંતુનાશાક પાવડરનો છંટકાવ કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. તેમજ તમામ શાકમાર્કેટમાં વેચાણ કર્તાઓને સ્વચ્છતા રાખવા બાબતે કડક સુચના આપવામાં આવેલ હતી.

# પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ જગન્નાથનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૪૩ તથા ઘનશ્યામનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૩૩ મળી કુલ – ૭૬ લાભાર્થીઓને મોજે વડોદ રે.સ.નં. ૯/૧ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૮/૦૩/૨૦૧૬ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે દબાણ ડેપો, ઉધના ઝોન ખાતે ઉધના ઝોનના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચ્ચુ લાવી શકાશે.

૨૦૧૫

<u>નેશનલ સ્કુલ ઓફ ડ્રામા, નવી દિલ્હી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે</u>
<u>સુરતના કલાપ્રેમી નગરજનો માટે વિનામૂલ્યે ભારતની આદિજાતિ કલાઓનો અનોખો કાર્યક્રમ</u>


## 'આદિરંગ મહોત્સવ'

સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારના નેજા હેઠળના નેશનલ સ્કુલ ઓફ ડ્રામા, ન્યુ દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકાના સહયોગથી સુરત ખાતે "નેશનલ ટ્રાઈબલ ફેસ્ટીવલ" અંતર્ગત આદિરંગ મહોત્સવનું આયોજન તા.૨૮/૦૩/૧૬ થી તા.૩૦/૦૩/૧૬ દરમ્યાન કરવામાં આવેલ છે. તા.૨૮/૦૩/૧૬ થી તા.૩૦/૦૩/૧૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે પ્રાદેશિક ભાષામાં નાટકો અને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે લોકનૃત્યોનો કાર્યક્રમ યોજાશે. તા.૨૮/૦૩/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, જાણીતા ફિલ્મ અભિનેતા અને દિગ્ગજ નાટ્ય કલાકાર શ્રી મનોજ જોષી, જાણીતી અભિનેત્રી હિમાની શીવપુરી, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના ડાયરેકટરશ્રી પ્રો.વામન કેન્દ્રે અને અન્ય ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આદિજાતિ લોકગીત, લોકસંગીત, લોકનૃત્ય અને ઢોલ નગારાના નાદ સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના ડાયરેકટર પ્રો.વામન કેન્દ્રે તેમના પ્રાસંગિક પ્રવચનમાં નેશનલ સ્કુલ ઓફ ડ્રામા વિશે ચિતાર આપતાં જણાવ્યું હતું કે, આ સંસ્થા એશિયામાં જ નહીં પણ આંતર રાષ્ટ્રીય સ્તરે ટોચના સ્થાને છે. આદિજાતિઓની કલા સમૃધ્ધિ અને કલા વારસાને જીવંત રાખવા નેશનલ સ્કુલ ઓફ ડ્રામા એ રંગમંચ વિષયક સંસ્થા હોવાથી ભારતના ખુણેખુણે પહોંચી આદિજાતિ જીવન અને સંસ્કૃતિને નજીકથી નિહાળવાની સહુને તક આપશે તેવી અપેક્ષા સાથે આવા જ નાટ્ય જગત અને સાંસ્કૃતિક પ્રવૃતિના આદાનપ્રદાન માટે મોટી સંખ્યામાં સુરતના કલાપ્રેમી લોકો નાટકો અને લોકનૃત્યો વિગેરે માણી શકે તે ઉમદા હેતુસર આ "આદિરંગ મહોત્સવ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે અભિનેત્રી હિમાની શીવપુરીએ આદિવાસીઓમાં રહેલી પ્રકૃતિદત્ત કલાને દાદ આપી બિરદાવવાની હિમાયત કરી હતી. તો અભિનેતા અને દિગ્ગજ નાટ્ય કલાકારશ્રી મનોજ જોષીએ સુરતમાં આવેલ ૨૨ રાજયોના ૫૦૦ કલાકારોની કલા વારસાને માણવા માટે વધુમાં વધુ લોકો આવે તે માટે મેસેજ ફોરવર્ડ કરવા જણાવ્યું હતું. માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ સુરત ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં પુરતો સહકાર આપી વિનામૂલ્યે યોજાયેલ આદિજાતી ગ્રામિણ લોક સંસ્કૃતિને ઉજાગર કરતા આ કાર્યક્રમને મનભરીને માંણવાની અપીલ કરી હતી.

તા.૩૦ માર્ચના રોજ સાંજે ૭ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે નાગાલેન્ડ, ઓરીસ્સા, હૈદરાબાદ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, લેહ અને લદાખ, આસામ, ઝારખંડ, તેલંગણા, કેરળ, કર્ણાટક, તામિલનાડુ, ઉત્તરાખંડ, ત્રીપુરા, મહારાષ્ટ્ર, પોંડીચેરી, સિકકીમ, છત્તીસગઢ, નાસીક, ગુજરાત, રાજસ્થાન વિગેરે દેશના ૨૨ જેટલા વિવિધ રાજયોના ૫૦૦ થી વધુ કલાકારો નાગ યુધ્ધ નૃત્ય, શંખ વાદન, દાપ્પુ નૃત્ય, ગુદુંબ વાજા, હબ્બી, જાવરો અને મુખવટા નૃત્ય, ઢાલ થુંગાર અને બાર્દાઈલ શિકલા પાયકા અને મર્દાની, ઝુવાર, માતુરી નૃત્ય, તીજન નૃત્ય, ઢોલુ કનીઠા, દેવરત્તમ, ઘસીયારી/ છાપેલી, સંગ્રીય મોગ નૃત્ય, શૈલકર્મ નૃત્ય, વણઝારા નૃત્ય, રીરાઈ રીરાનાટયમ, ઘાંટુ પાંથી નૃત્ય, મુખવટા ગીત, સીંઘારી નૃત્ય, રાઠવા નૃત્ય, સિદી ધમાલ, ચક્રી નૃત્ય વિગેરે રજૂ કરશે. તથા તા.૩૦મી માર્ચના રોજ રાત્રે ૯ કલાકે ગાંધી

સ્મૃતિ ભવન ખાતે હિન્દી નાટક ''મોહે પીયા'' રજુ થશે. તા.૩૦મી માર્ચ,૨૦૧૬ના રોજ બપોરે ૨.૩૦ કલાકે કવિ નર્મદ લાયબ્રેરી, અઠવાલાઈન્સ ખાતે પરિસંવાદ યોજાશે. ઉપરાંત પારંપરીક કલાઓ સાથે આદિજાતિ હસ્ત કલાકારો દ્વારા પોતાની અદ્વિતીય કારીગરીનુ નિદર્શન કરશે. જે માટે ઈન્ડોર સ્ટેડીયમની બહારની પેરાફેરીમાં ૪૦ જેટલા નાના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જે સવારે ૧૦ થી રાત્રીના ૧૦ સુધી ખુલ્લા રહેશે અને જેમાં વિવિધ હસ્તકલા કારીગરી અને દુર્લભ જણસો દર્શાવવામાં આવશે. આ તમામ કાર્યક્રમો વિનામૂલ્યે રાખવામાં આવેલ હોય નાટ્યપ્રેમી નગરજનો કલારસિક શહેરીજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમોને માણવા સાથે પ્રાદેશિક કલાકારોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા ભાવભીનું નિમંત્રણ પાઠવે છે.





૨૦૧૬

# પ્રેસનોટ

# સાઉથઝોન(ઉધના)

# સુરત મહાનગરપાલિકા

**તા.૨૯.૦૩.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૦.૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે,તથા **કુલ–૦૩,** લોકેશન(ખાડા) **૧૮૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૫** લોકેશન **૧૨૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા રોડ પૈકી ૨૦ લારીઓ અને **રૂા.૧૬૦૦૦/–** નો વહીવટી ખર્ચ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ **૦૪** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાંણા પેટે **રૂા.૦** વસુલ લેવામાં આવેલ,**આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૭૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૮.૯૪** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૪૩** લાખ થયેલ છે., **૬** EC તથા **૮** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૬૬૮/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૫૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૯૬.૧૫૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૦** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા. ૧૮૫૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૫૨૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૩૯૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૮** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૮૧** કરવામાં આવેલ છે. જયારે **૧૮** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૯૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૨૦૧૭

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૮૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૯૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા વસુલાતની કામગીરી દરમ્યાન નીચે જણાવેલ કુલ ૦૬ મિલ્કત સીલ કરવામાં આવેલ છે. કરદાતાઓ પાસેથી રૂા.૨૫,૨૬,૩૧૭/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

(૧) ગમનભાઈ ઈશ્વરલાલ વાંકાવાલા વિગેરે....., મહાગુજરાત ડેરી, પીરછડી રોડ, ગોટાલાવાડી, સુરત.

બાકી વેરો રૂા.૬૫,૦૦૦/–

(૨) કબ્જે. મનજીભાઈ રાઘવભાઈ પટેલ, પ્લોટ નં.૮૫બી, કુબેરનગર કો.ઓ.હા.સો.લિ., કતારગામ દરવાજા,

સુરત. બાકી વેરો રૂા.૨૫,૨૮૮/–

(૩) અંકિતભાઈ ગંગજીભાઈ કોશીયા, સિલ્વર સ્ટોન આરકેડ, કંથેરિયા હનુમાન મંદિર પાસે, સીંગણપોર

ચાર રસ્તા, સુરત. બાકી વેરો રૂા.૬૨,૫૧૦/–

(૪) કબ્જે. શરદભાઈ નરસિંહભાઈ ચકલાસીયા, પ્લોટ નં.૮૭બી, કુબેરનગર કો.ઓ.હા.સો.લિ., કતારગામ

દરવાજા, સુરત. બાકી વેરો રૂા.૧૮,૧૮૯/–

(૫) અંબારામ કલ્યાણભાઈ, ૫૮ મોટીવેડ, સુરત. બાકી વેરો રૂા.૧૨,૭૪૬/–

(૬) નવનીતભાઈ બાલુભાઈ, ૯૭/રે.સ.નં.૧૩૭/બી/૫ , ટેકરા ફળિયું, ડભોલી, સુરત.

બાકી વેરો રૂા.૧૦,૦૦૦/–

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૯૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૬ એન્ટ્રીમાં રૂા.૧,૦૮,૮૭૩/– અને આર.સી.ની ૬૨ એન્ટ્રીમાં રૂા.૩,૧૧,૫૯૪/– મળી કુલ રૂા.૪,૨૦,૪૬૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૬૦/–, રીન્યુઅલની ૨૯ એન્ટ્રીમાં રૂા.૧૫૬૦/– અને દંડની રકમની ૧૨ એન્ટ્રીમાં રૂા.૧૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૬૬,૦૫૨/–, દબાણ ચાર્જના રૂા.૧૭,૨૧૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૪,૩૫૦/– મળી કુલ રૂા.૧,૮૭,૬૧૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૮/૦૩/૨૦૧૬ ના રોજ કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે :

(૧) નવી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં હાલમાં જુના કેનાલ રોડ ઉપર જી.આઈ.ડી.સી.ના શેડ હોલ્ડરો ધ્વારા વર્ષોથી કરવામાં આવેલ ઈન્ડ.શેડના દબાણોનું સ્વૈચ્છિક ડીમોલીશનની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદરહુ કેનાલ રોડ તેમજ તેને લાગુ ૨૦.૦૦ મી. જાહેર રોડ પર આવેલ નિખાલસનગર ઝુંપડપટ્ટીના આશરે ૨૪ જેટલા નડતરરૂપ કાચા–પાકા ઝુંપડાઓનું ડીમોલીશન કરી આશરે ૨૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં જાહેર રસ્તો ખુલ્લો કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદરહુ ઝુંપડાવાસીઓને વૈકલ્પિક આવાસની ફાળવણી રે.સ.નં. ૯/૧, વડોદ ખાતે કરવામાં આવેલ છે.

(૨) પ્રિલીમનરી ટી.પી.સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ) માં ટી.પી.સ્કીમનાં અમલીકરણનાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકાનો ફાયનલ પ્લોટ નં.૧૯૦ હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ.નો આશરે ૯૦૦૦ ચો.મી માપ વિસ્તારનો રીઝર્વ પ્લોટનો કબ્જો આજરોજ લેવામાં આવેલ છે.

૨૦૧૯

# પ્રેસનોટ:–

સુરત મહાનગરપાલિકા ધ્વારા ટી.પી. સ્કીમ નં. ૭(આંજણા), ફા. પ્લોટ નં. ૧૯૧ ખાતે આવેલ ગાંધીનગર, ચીમની ટેકરો, જુનો ડેપો તથા ઈસ્લામપુરા આંજણા, ટી.પી. સ્કીમના ૭(આંજણા), ફા. પ્લોટ નં. ૧૮૭ ખાતે આવેલ હળપતિવાસ આંજણા તથા ટી.પી. સ્કીમ નં. ૭(આંજણા), ફા. પ્લોટ નં. ૧૮૫ ખાતે આવેલ ખ્વાજાનગર આંજણા તેમજ ટી.પી. સ્કીમ નં. ૭(આંજણા), ફા. પ્લોટ નં. ૪૫ ખાતે આવેલ જવાહરનગર, નહેરૂનગર, સલીમનગર, ગૌસીયા મસ્જીદ ઝુંપડપટ્ટી આંજણાના કુલ–૪૩૫૦ ઝુંપડાઓને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ(PPP) ધ્વારા તે જ સ્થળે પુનઃવસન કરવાની કાર્યવાહીના ભાગરૂપે ઓનલાઈન ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી રસ ધરાવતા અનુભવી અને આર્થિક રીતે સધ્ધર ડેવલપર્સો / કોન્ટ્રાકટર્સો પાસે ટેન્ડરો માંગવામાં આવેલ. સદર પ્રોજેકટનો સમાવેશ સ્માર્ટ સીટી મિશનમાં કરવામાં આવેલ હોય જે અન્વયે ડેવલપર્સ સાથે તા. ૦૨/૦૪/૨૦૧૬ ના રોજ સંકલન મીટીંગનું આયોજન પણ રાખવામાં આવેલ હોય, આ યોજના હેઠળ વધુમાં વધુ Developers ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકે તે હેતુથી સદર કામગીરીના ઓનલાઈન ટેન્ડર ભરવાની આખરી તા. ૧૨/૦૪/૨૦૧૬ સુધી લંબાવવામાં આવેલ છે. ટેન્ડરની વધુ વિગત માટે www.nprocure.com ની વેબ સાઈટ જોવા વિનંતી.

પ્રેસનોટ નં. ૮ 0 1 9<br>
તા.૦૬.૦૩.૨૦૧૬<br>
જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા

D:\PRESSNOTE\Pressnote 03.03.16.docx

૨૦૨૦

# —:: પ્રેસનોટ ::—

તા.૨૯–૦૩–૨૦૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂા.માં |
|---|---|---|---|---|
| રાંદેર | ૩૨ | ૨૧ | ૫૪ | ૪૨૦૦ |
| સેન્ટ્રલ | ૩૬ | ૨૨ | ૧૭૯ | ૪૪૦૦ |
| કતારગામ | ૬૬ | ૩૮ | ૧૩૦ | ૭૬૦૦ |
| વરાછા | ૧૧૨ | ૪૯ | ૧૪૪ | ૯૮૦૦ |
| ઉધના | ૪૪ | ૧૪ | ૧૪૦ | ૨૭૦૦ |
| અઠવા | ૩૨ | ૧૨ | ૧૫૭ | ૨૪૦૦ |
| લિંબાયત | ૬૨ | ૧૯ | ૧૮૫ | ૩૮૦૦ |
| કુલ | ૩૮૪ | ૧૭૫ | ૯૮૯ | ૩૪૯૦૦ |

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૧૬/૦૩/૧૬ થી તા.૩૧/૦૩/૧૬ દરમ્યાન ભારત સરકારના આદેશ અનુંસાર સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આવેલ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ મુખ્ય માર્કેટ વિસ્તારમાં સધન અને અસરકારક સાફ સફાઈ ઝુંબેશના કાર્યક્રમ માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં મિશન ડાયેરેકટરશ્રી ''મહાત્મા ગાંધીજીની સ્વચ્છતા મિશન'' ગાંધીનગરના તા.૧૦/૦૩/૧૬ના પત્ર મુજબ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ માર્કેટ વિસ્તારમાં ખાસ સધન સાફ સફાઈ ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ જે અંતર્ગત આજ તા.૨૯/૦૩/૧૬ના રોજ સેન્ટ્રલઝોનના ચોક બજાર કીલ્લાનું મેદાન, ગોપી તળાવ તેમજ મુખ્ય માર્કેટ જેવી કે લાલ દરવાજા માર્કેટ, નાનપુરામાર્કેટ, ભાગળમાર્કેટ, નવસારીબજાર માર્કેટ વિસ્તારમાં ધનિષ્ઠ સાફ સફાઈ હાથ ધરવામાં આવેલ હતી જેમાં ૧૦૫ સફાઈ કામદાર, ૧૮ સુપરવાઈઝર સ્ટાફની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરાવી જેમાં ૯.૦૦૦ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરાવ્યા બાદ ૧૪૮ કીલોગ્રામ જંતુનાશાક પાવડરનો છંટકાવ કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. તેમજ તમામ શાકમાર્કેટમાં વેચાણ કર્તાઓને સ્વચ્છતા રાખવા બાબતે કડક સુચના આપવામાં આવેલ હતી.

૨૦૨૨

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મે.કમિશ્નરશ્રી અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) દ્વારા મળેલ આદેશ અનુસાર આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ દરેક ઝોનના નાયબ આરોગ્ય અધિકારીઓએ તેમના ઝોન વિસ્તારમાં મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત તેમજ આરોગ્ય અને સ્વચ્છતા વિરૂધ્ધ થતી પ્રવૃતિઓ ઉપર કડક કાર્યવાહી કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૨૮/૦૩/૧૬ થી તા.૨૯/૦૩/૧૬ દરમ્યાન તમામ ઝોન વિસ્તારમાં આવેલ ટ્રાફિક સર્કલો, સ્ટ્રીટલાઈટ પોલ, ડીવાઈડર, ઓવરબ્રીજ તેમજ સર્કલની અંદર બહાર તથા અન્ય જાહેર સ્થળોએ કે જે શહેરની સ્વસ્છતા અને સુંદરતામાં અડચણરૂપ હોય તેવા ગેરકાયદેસર લગાવેલ બેનર/હોર્ડીગ્સો દુર કરવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવેલ છે.

જે અંતર્ગત બંને દિવસ દરમ્યાન **સેન્ટ્રલઝોન** વિસ્તારમાં આવેલ ટ્રાફિક સર્કલો, સ્ટ્રીટલાઈટ પોલ, ડીવાઈડર, ઓવરબ્રીજ તેમજ સર્કલની અંદર બહાર તથા અન્ય જાહેર સ્થળોએ આડેધડ લગાવેલ બેનર/હોર્ડીગ્સો દુર કરવાની કામગીરી ઉપરોકત સ્થળેથી કુલ ૧૮૭ દુર કરાવી ૨૨ ઈસમોને મૌખિક ચેતવણી આપી રૂા.૬૦૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરી જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આજ દિવસો દરમ્યાન **અઠવાઝોન** વિસ્તારમાં ઉપર મુંજબનું અભિયાન હાથ ધરી કુલ ૭૭૬ બેનર/હોર્ડીગ્સો જપ્ત કરી ૨ ઈસમોને નોટીસ પાઠવી રૂા.૧૦૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આજ દિવસો દરમ્યાન **રાંદેરઝોન** વિસ્તારમાં ઉપર મુંજબનું અભિયાન હાથ ધરી કુલ ૫૨૮ બેનર/હોર્ડીગ્સો જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આજ દિવસો દરમ્યાન **કતારગામઝોન** વિસ્તારમાં ઉપર મુંજબનું અભિયાન હાથ ધરી કુલ ૨૩૯ બેનર/હોર્ડીગ્સો જપ્ત કરી ૧ ઈસમોને નોટીસ પાઠવી રૂા.૩૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આજ દિવસો દરમ્યાન **ઉધનાઝોન** વિસ્તારમાં ઉપર મુંજબનું અભિયાન હાથ ધરી કુલ ૫૭૫ બેનર/હોર્ડીગ્સો જપ્ત કરી ૧૭ ઈસમોને નોટીસ પાઠવી રૂા.૧૪૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આજ દિવસો દરમ્યાન **વરાછાઝોન** વિસ્તારમાં ઉપર મુંજબનું અભિયાન હાથ ધરી કુલ ૩૫૫ બેનર/હોર્ડીંગ્સો જપ્ત કરી ૨ ઈસમોને નોટીસ પાઠવી રૂા.૯૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આજ દિવસો દરમ્યાન **લિંબાયતઝોન** વિસ્તારમાં ઉપર મુંજબનું અભિયાન હાથ ધરી કુલ ૧૧૪ બેનર/હોર્ડીંગ્સો જપ્ત કરી ૮ ઈસમોને નોટીસ પાઠવી રૂા.૧૬૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી દરમ્યાન ૨૭૭૪ બેનર/હોર્ડીંગ્સો જપ્ત કરી ૫૨ ઈસમોને નોટીસ પાઠવી રૂા.૧૧૨૦૦/–નો વહિવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૨૦૨૩

# : પ્રે સ નો ટ :

## <u>કાપોદ્રા વિસ્તારમાં આવેલ સરદાર ડાયમંડ, તુલસી ડાયમંડ બિલ્ડીંગ ના બાકી  વ્યવસાયકારોની મિલકતો સીલ કરતું વરાછાઝોન</u>

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં વોર્ડ નં.૧૮બી કાપોદ્રા વિસ્તારમાં આવેલ સરદાર ડાયમંડ, તુલસી ડાયમંડ બિલ્ડીંગ માં ૮ ડાયમંડ યુનિટ/સંસ્થાના ઈ.સી./આર.સી. વ્યવસાયકારો લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ.  તેમ છતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરો ન ભરાતાં અત્રેનાં વ્યવસાયવેરા વિભાગ ધ્વારા ઝુંબેશ હાથ ધરી મિલકતો ટાંચમાં લેતા સ્થળ પર વ્યવસાયવેરાની વસુલાત  કરવાની કામગીરી હાથ ધરવામાં  આવેલ.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ ડાયમંડ કોમ્પલેક્ષ માં આવેલ ડાયમંડ યુનિટો / સંસ્થા ના વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી સંસ્થાઓ ને  સીલ કરી વ્યવસાયવેરો વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

# પ્રેસ નોટ

## સ્મીમેર, એકઝીકયુટીવ કમિટી મીટીંગ –તા.૨૯–૦૩–૨૦૧૬

તા.૨૯–૦૩–૨૦૧૬ નાં રોજ સ્મીમેર ખાતે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં ડે. મેયરશ્રી, કમિશ્નરશ્રી, શાસક પક્ષનાં નેતાશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), અધ્યક્ષશ્રી (આરોગ્ય કમિટી), મેડીકલ એક્ષ્પર્ટસશ્રીઓ વિગેરેની હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલનાં વિવિધ વિભાગો માટે વધતા જતા દર્દીઓની સારવારમાં વધારો કરવા માટે જુદા જુદા પ્રકારનાં હોસ્પિટલ ફર્નિચર આશરે રૂા.૩૭,૦૦,૦૦૦/– નાં ખર્ચે, સ્મીમેર હોસ્પિટલનાં ઓફથેલમોલોજી વિભાગ (આંખ વિભાગ) માટે ઝામરની વિગતવાર તપાસ માટે આશરે રૂા.૪,૨૫,૦૦૦/– નાં ખર્ચે, માઈક્રોબાયોલોજી અને પેથોલોજી વિભાગ માટે જુદા જુદા પ્રકારનાં બ્લડ બેંક અને ડેન્ગ્યુ જેવા રોગોમાં થતા અલાઈઝા ટેસ્ટસ, દર્દીઓનાં નિદાન તથા વિધાર્થીઓનાં પ્રેકટીકલ શિક્ષણ માટે બાઈનોકયુલર તેમજ મોનોકયુલર માઈક્રોસ્કોપ વિગેરે માટે અનુક્રમે આશરે રૂા.૩૪,૭૨,૨૦૦/– અને રૂા.૬૫,૫૮,૮૩૫/– નાં ખર્ચે, બાયોકેમિસ્ટ્રી વિભાગ માટે દર્દીઓનાં સેમ્પલ, ફુડનાં સેમ્પલ અને પાણીનાં સેમ્પલમાં ટ્રેસ એલીમેન્ટસં (આયર્ન, કોપર, મેંગેનીઝ, ઝીંક, લેડ વિગેરે) નાં એનેલેસીસ માટે તથા રિસર્ચ માટે ઉપયોગી સાધનો આશરે રૂા.૫૨,૩૭,૦૦૦/– નાં ખર્ચે (જે ત્રણેય લેબોરેટરી વિભાગોમાં સેમ્પલ તથા ટેસ્ટીંગ કીટ માટે અત્યંત જરૂરી ફ્રિઝરની ખરીદી સહિતનો ખર્ચ છે), રેડિયોલોજી વિભાગ માટે દર્દીઓનાં નિદાન અર્થે દરેક પ્રકારની રૂટીન સોનોગ્રાફી તથા ખાસ પ્રકારની સોનોગ્રાફી (જેમ કે પથરીનાં નિદાન, કલર ડોપ્લર તેમજ દર્દીઓનાં વેઈટીંગ લીસ્ટમાં ઘટાડો કરવા હાઈ એન્ડ અલ્ટ્રાસોનોગ્રાફી મશીન વીથ ડોપ્લર આશરે ૩૪,૪૦,૦૦૦/– નાં ખર્ચે, એનેસ્થેસિયોલોજી વિભાગ માટે દૂરબીન વડે થતી શસ્ત્રક્રિયાઓ દરમિયાન Co2 નાં મોનીટરીંગ માટે, ખાસ કરીને પોલીટ્રોમા તથા કેન્સરનાં દર્દીઓ ઉપર થતી શસ્ત્રક્રિયા દરમિયાન શરીરને નિશ્ચેતિત (બેભાન) રાખવા સાધનો આશરે રૂા.૫૫,૮૪,૨૦૦/– નાં ખર્ચે ખરીદવાનું નકકી કરવામાં આવ્યુ.

સ્મીમેર ખાતે ભારત સરકારશ્રીનાં Indian Council of Medical Research (ICMR) વિભાગ અંતર્ગત મેડીકલ રીસર્ચ લેબ માટે વિવિધ સાધનો રૂા.૯૭,૨૯,૬૧૦/– નાં ખર્ચે વિવિધ વિષયો ઉપર રીસર્ચ કરવા માટે ખરીદવામાં આવશે. આ પ્રકારનાં રીસર્ચ સેન્ટર ગુજરાત ખાતે માત્ર બે મેડીકલ કોલેજોમાં મંજૂર કરવામાં આવેલ છે. આ રીસર્ચ સેન્ટરથી વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીસને રીસર્ચ કરવાનો અવસર પ્રાપ્ત થશે.

સ્મીમેર મેડીકલ કોલેજમાં આવેલ પાંચ લેકચર હોલને સ્માર્ટ કલાસરૂમ બનાવવા, વાતાનૂકુલિત કરવાનું નકકી કરવામાં આવ્યું. આ સુવિદ્યાઓથી વિદ્યાર્થીઓનાં અભ્યાસમાં સરળતા રહેશે અને અભ્યાસ માટે રૂચિ વધશે. સ્મીમેરનાં તમામ બિલ્ડીંગો તથા કેમ્પસમાં સાઈનેજ લગાવવાનું નકકી કરવામાં આવ્યું. જેનાથી સ્મીમેર ખાતે આવનાર મુલાકાતીઓ–દર્દીઓને સરળતા રહેશે.

સ્મીમેર હોસ્પિટલમાં પેશન્ટોની સુવિદ્યાઓ વધારવા માટે હોસ્પિટલનાં હયાત બિલ્ડીંગોમાં પ્રથમ તબકકા માટે રૂા.૯.૬૮ કરોડનાં બ્લોક અંદાજ મુજબ આયોજન કરી એક્ષટેન્સન કરવાનું કામ મંજૂર કરવામાં આવ્યું.

સ્મીમેર ખાતે વિવિધ વિભાગો તથા લેબોરેટરીસમાં લેબોરેટરી ટેકનીશ્યનની જરૂરિયાત ધ્યાને રાખી કોન્ટ્રાકટનાં ધોરણે લેબોરેટરી ટેકનીશ્યન લેવાનું નકકી કરવામાં આવ્યું.

સુરત મહાનગરપાલિકાનાં વિવિધ હેલ્થ સેન્ટરો તથા હોસ્પિટલોમાં સારવાર લેવા આવનાર દર્દીઓ માટે દવાઓ અને લેબોરેટરી આઈટમો રૂા.૯૫,૪૩,૬૨૬/–નો ખર્ચે ખરીદવાનું નકકી કરવામાં આવ્યું.

સ્મીમેર મેડીકલ કોલેજનાં મધ્યસ્થ પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીસ માટે રૂા.૯,૯૪,૭૦૦/– નાં ખર્ચે ઈ–જનરલ ડેટાબેઈઝ ઉપલબ્ધ કરવાનું નકકી કરવામાં આવ્યું.

...થી સાદર

તા. 29-03-2016 L024

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૨૧/૦૩/૨૦૧૬ થી તા.૨૭/૦૩/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૮,૭૯૦/–, વેસ્ટઝોન – રૂા.૬,૭૬૦/–, સાઉથઝોન – રૂા.૫,૨૩૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૨૨,૩૨૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૯,૧૮૦/–, નોર્થઝોન – રૂા.૫,૮૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૦,૮૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૭૬,૭૧૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

## અન્નદાન મહાદાન–રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ– અંતર્ગત એમડીઆર દર્દીઓને <u>સ્કેટ કોલેજ સ્ટુડન્ટ ગ્રુપ ધ્વારા ન્યુટ્રીશનલ કીટ સહાય નો કાર્યક્રમ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ટીબીનાં નિદાન  તથા સારવાર માટે વિનામૂલ્યે સુવિધા તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ઉપલબ્ધ છે. મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ ટીબીની સારવાર બે વર્ષ જેટલી લાંબી હોય છે તથા તેનો લગભગ ત્રણ લાખ જેટલો ખર્ચ થાય છે, જે તમામ ને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં  વિનામૂલ્યે આપવામાં આવે છે.

ઘણા દર્દીઓમાં દવા સાથે તેઓ સારો ખોરાક મેળવી શકતા નથી જેના લીધે તેની આડઅસર આવે છે તેમજ સારવાર સારી રીતે થઈ શકતી નથી, જેના લીધે તેઓ સારવાર અઘૂરી છોડતા હોય છે. **<u>સ્કેટ કોલેજ સ્ટુડન્ટસ ગ્રુપ</u>** ને આ હકીકતની જાણ થતા તેઓ આવા ખાસ ગરીબ દર્દીઓને ''ન્યુટ્રીશનલ કીટ '' આપવા તૈયાર થયા છે તે ખૂબ આનંદની વાત છે.

સ્ટુડન્ટ ગ્રુપ ધ્વારા પોતાના પોકેટ મનીનાં સેવીંગ માંથી આ એક ઉમદા વિચાર પ્રેરણા દાયક છે જે સમગ્ર સમાજને, સમગ્ર સ્વૈચ્છિક સંસ્થાઓને પણ આંગળી ચીંધે છે, આ તેમનું પ્રથમ સોપાન ભવિષ્ય માં ઘણા દર્દીઓની જાન બચાવવામાં સફળ થશે તથા ઘણા લોકો આવા કાર્યમાં મદદરૂપ થશે જ તેવી આશા અને શ્રધ્ધા છે.

હોસ્પિટલ કમીટી ચેરમેન ડો. રમણલાલ પરમાર, આરોગ્ય સમીતી ચેરમેન શ્રી અનિલ બીસ્કીટવાલા, ડે.કમીશ્નર ( હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત દેસાઈ, આરોગ્ય અધિકારી ડો. આશિષ નાયક તથા અન્ય આરએનટીસીપી કાર્યકર્તાઓની હાજરીમાં આ કાર્યક્રમ યોજનાર છે. આ તબકકે તમામ શહેરીજનો ને અપીલ છે કે આવા ગરીબ પેશન્ટને સહાયરૂપ થવા આગળ આવે.

# પ્રેસનોટ
# સાઉથઝોન(ઉધના)
# સુરત મહાનગરપાલિકા

**તા.૩૦.૦૩.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે,તથા **કુલ–૦૫,** લોકેશન(ખાડા) **૨૭૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–૦૮ લોકેશન, **૨૦૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે, તથા મોજે પાંડેસરા,જી.આઈ.ડી.સી. આર.બી.એલ.૨/૧૫, જી.આઈ.ડી.સી.ના **૩૦ ચો.મી** માર્જીનવાળી જગ્યાનું ડિમોલીશન, વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૦૦૦/–** અને ડિમોલીશન ચાર્જ પેટે **રૂા. ૫,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે, તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ **૦૩** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાંણા પેટે **રૂા.૧૯,૨૫૬/–** વસુલ લેવામાં આવેલ,**આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૬૩ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૨.૪૦** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા. ૧.૦૭** લાખ થયેલ છે., ૪ EC તથા ૬ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૩૬/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૪૧** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૧.૧૪૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૮** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા. ૨૬૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૨૩૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૦૦૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૪૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૩૧૪** કરવામાં આવેલ છે. જયારે **૩૬** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

## <u>નેશનલ સ્કુલ ઓફ ડ્રામા, નવી દિલ્હી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે</u>

## <u>સુરતના કલાપ્રેમી નગરજનો માટે વિનામૂલ્યે ભારતની આદિજાતિ કલાઓનો અનોખો કાર્યક્રમ</u>

## <u>'આદિરંગ મહોત્સવ'</u>

સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારના નેજા હેઠળના નેશનલ સ્કુલ ઓફ ડ્રામા, ન્યુ દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકાના સહયોગથી સુરત ખાતે "નેશનલ ટ્રાઈબલ ફેસ્ટીવલ" અંતર્ગત આદિરંગ મહોત્સવનું આયોજન તા.૨૮/૦૩/૧૬ થી તા.૩૦/૦૩/૧૬ દરમ્યાન કરવામાં આવ્યો હતો. તા.૨૮/૦૩/૧૬ થી તા.૩૦/૦૩/૧૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે પ્રાદેશિક ભાષામાં નાટકો અને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે લોકનૃત્યો પ્રસ્તુત થયા હતા. તા.૨૮/૦૩/૧૬ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આદિજાતિ લોકગીત, લોકસંગીત, લોકનૃત્ય અને ઢોલ નગારાના ગગનભેદી નાદ સાથે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, જાણીતા ફિલ્મ અભિનેતા અને દિગ્ગજ નાટ્ય કલાકાર શ્રી મનોજ જોષી, જાણીતી અભિનેત્રી હિમાની શીવપુરી, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના ડાયરેકટરશ્રી પ્રો.વામન કેન્દ્રે અને અન્ય ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં શુભારંભ કરવામાં આવેલ 'આદિરંગ મહોત્સવ'ના ત્રણ દિવસમાં શહેરના કલાપ્રેમીઓનો એક ભવ્ય કલા મહોત્સવ બની રહ્યો હતો.

શહેરી વાતાવરણથી દૂર કુદરતના ખોળે અને કુદરત ઉપર જ આધાર રાખીને જીવતી આ પ્રજાની સંસ્કૃતિ કંઈક જુદી જ છે. શહેરી સંસ્કૃતિ કરતાં જુદી એવી તેમની સંસ્કૃતિનો મહામૂલો વારસો તેમના મેળા અને ઉત્સવો–પર્વોમાં જોવા મળે છે. ધરતીની અત્યંત નજીક જીવનારી આ પ્રજામાં ધરતીનો ધબકાર તેમના વાજિંત્રોમાં અને લોકનૃત્યોમાં વર્તાય છે. અહીં રજું થયેલ લોકનૃત્યોમાં ઢોલના તાલ સાથે, શરણાઈના સૂર ઉપર જીવનનો શ્રમ અને દુઃખ ભુલીને નૃત્ય દ્વારા ધ્યાનમગ્ન થઈ જાય છે. નૃત્ય તેમના માટે થાક ઉતારવાનું સાધન છે, નૃત્ય એ તેમનું ઈંધણ છે. જે પોતાના વડીલોના સંગાથે તાલ મેળવી નાચતાં શીખી જાય છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ટોપ ટેનમાં સ્થાન ધરાવતી દેશની સમૃદ્ધ એવી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા સુરત ખાતે શહેરીજનોને આદિજાતિઓની કલા સમૃધ્ધિ અને કલા વારસાને જીવંત રાખતી ભાતિગળ ગ્રામીણ સંસ્કૃતિના કલાવારસાનો અદભુત નજારો પેશ કર્યો હતો. નાગાલેન્ડ, ઓરીસ્સા, હૈદરાબાદ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, લેહ અને લદાખ, આસામ, ઝારખંડ, તેલંગણા, કેરળ, કર્ણાટક, તામિલનાડુ, ઉત્તરાખંડ, ત્રીપુરા, મહારાષ્ટ્ર, પોંડીચેરી, સિકકીમ, છત્તીસગઢ, નાસીક, ગુજરાત, રાજસ્થાન વિગેરે ૨૨ જેટલા વિવિધ રાજયોના ૫૦૦ થી વધુ કલાકારો નાગ યુધ્ધ નૃત્ય, શંખ વાદન, દાપ્પુ નૃત્ય, ગુદુંબ વાજા, હબ્બી, જાવરો અને મુખવટા નૃત્ય, ઢાલ થુંગાર અને બાર્દાઈલ શિકલા પાયકા અને મર્દાની, ઝુવાર, માતુરી નૃત્ય, તીજન નૃત્ય, ઢોલુ કનીઠા, દેવરત્તમ, ઘસીયારી/ છાપેલી, સંગ્રીય મોગ નૃત્ય, શૈલકર્મ નૃત્ય, વણઝારા નૃત્ય, રીરાઈ રીરાનાટયમ, ઘાંટુ પાંથી નૃત્ય, મુખવટા ગીત, સીંઘારી નૃત્ય, રાઠવા નૃત્ય, સિદી ધમાલ, ચક્રી નૃત્યની રમઝટ થકી આદિજાતિ જીવન અને લોક સંસ્કૃતિને નજીકથી નિહાળવાની નગરજનોએ ગૌરવવંતી તકને ઝડપી તેઓના જીવન, રીત રીવાજોથી માહિતગાર થયા હતા. ઓરિસ્સાના કલાકારોએ શંખ વાદન સાથે નૃત્ય કર્યુ હતું. કેરલના સિંગારી મેલમ લોકનૃત્યમાં રજુ થતા લોકગીતમાં ભગવાનના અલગ અલગ શંકર,પાર્વતી, ક્રિષ્નાની વેશભુષા ધારણ કરીને ૨૫ પ્રકારના અલગ અલગ નૃત્યોએ ચકીત કરી દીધાં હતાં. તામિલનાડુની મહિલાઓ દ્વારા રજુ થયેલ લોકનૃત્યમાં ઢોલ, વાંસળી અને સૂપડાનો ઉપયોગ કરી સ્ત્રીની શૂરવીરતા દાખવી હતી. લોકસંસ્કૃતિ અને લોક કલાઓના અમૂલ્ય વારસાની ઝાંખીને સુરતના કલાપ્રેમીઓ જોઈને દંગ થઈ ગયા

હતા. ઈન્ડોર સ્ટેડીયમની બહારની પેરાફેરીમાં પારંપરીક કલાઓ સાથે આદિજાતિ હસ્ત કલાકારો દ્વારા પોતાની અદ્વિતીય કારીગરીના ક્રાફટ મેળાના ૪૦ જેટલા સ્ટોલમાં રજુ થયેલ વિવિધ હસ્ત કલાના નમુનાઓ, રમકડા, મૂર્તિ, ફ્રેમ, શો–પીસ વિગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા.૨૮ અને ૨૯મી માર્ચના રોજ રજુ થયેલ પ્રાદેશિક નાટકોએ પણ રંગ જમાવ્યો હતો. આજ રોજ રાત્રે ગાંધી સ્મૃતિ ભવન ખાતે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના ડાયરેકટરશ્રી પ્રો.વામન કેન્દ્રેના નિર્દેશનમાં રજુ થયેલ હિન્દી નાટક ''મોહે પીયા''ને નાટ્યપ્રેમી નગજનોએ મનભરીને માણ્યું હતું. આ તમામ કાર્યક્રમો વિનામૂલ્યે રાખવામાં આવ્યા હતા. જેને નાટ્યપ્રેમી અને કલારસિક શહેરીજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમોને માણવા સાથે પ્રાદેશિક કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.





નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા,નવી દિલ્હી અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે તા.૨૮ થી ૩૦ માર્ચ, ૨૦૧૬ દરમ્યાન પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ અને ગાંધી સ્મૃતિ ભવન ખાતે આયોજીત "આદિરંગ મહોત્સવ" અંતર્ગત તા.૨૯મી માર્ચના રોજ ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ રાજસ્થાની નાટક "પોસ્ટર"ની એક ઝલક અને નાટકને માણતાં નગરજનો દ્રશ્યમાન છે.

૨૦૨૯

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬૬૦૦/— વસુલ લેવામાં આવેલ છે. ૩૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૬૯૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૭૯૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલે તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા વસુલાતની કામગીરી દરમ્યાન નીચે જણાવેલ કુલ ૧૪ મિલ્કત સીલ કરવામાં આવેલ છે. કરદાતાઓ પાસેથી રૂા.૨૬,૩૨,૪૮૨/— નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

(૧) સંજયભાઈ શામજીભાઈ સાલિયા વિગેરે...., તુલસી પ્લાઝા એપાર્ટ., દુકાન નં. એમ/૧, એમ/૨, એમ/૩, જી/૩, જી/૫, જી/૬, જી/૭, જી/૮, એમ/૮, પ્લોટનં.૪૫ એ/બી, કુબેરનગર સોસા. વિભાગ—૧, કતારગામ, સુરત.

(૨) હો. ગોપાલ કોર્પોરેશન, પાટર્નર રમેશભાઈ નરસિંહભાઈ પટેલ વિગેરે....., પ્લોટ નં.૫૫ થી ૫૯, કુબેરનગર—૧, ગોપાલપ્લાઝા, દુકાન નં.૨૦૫, ૧૬, ૨૫, કતારગામ દરવાજા, સુરતની મિલકતોને સીલ કરતાં તેઓ દ્વારા કુલ વેરો રૂા.૧,૭૮,૦૦૮/— ભરપાઈ કરતા સીલ ખોલી નાંખવામાં આવેલ છે.

(૩) હો. ગોપાલ કોર્પોરેશન, પાટર્નર રમેશભાઈ નરસિંહભાઈ પટેલ વિગેરે....., પ્લોટ નં.૫૫ થી ૫૯, કુબેરનગર—૧, ગોપાલપ્લાઝા, દુકાન નં. ૨૬, ૨૦૬, કતારગામ દરવાજા, સુરત.બાકી વેરો રૂા.૩૦,૨૩૯/—

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ—૧૦૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૫ એન્ટ્રીમાં રૂા.૧,૯૫,૭૨૦/— અને આર.સી.ની ૬૪ એન્ટ્રીમાં રૂા.૩,૫૬,૬૧૮/— મળી કુલ રૂા.૫,૫૨,૩૩૮/— ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/—, રીન્યુઅલની ૩૨ એન્ટ્રીમાં રૂા.૧૮૬૦/— અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૨૬૦૦/— ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૭૪,૫૭૨/—, દબાણ ચાર્જના રૂા.૧૦,૭૩૦/— તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૯૫૦/— મળી કુલ રૂા.૧,૮૮,૨૫૨/— ની વસુલાત કરવામાં આવેલ છે.

૨૦૩૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૧૬/૦૩/૧૬ થી તા.૩૧/૦૩/૧૬ દરમ્યાન ભારત સરકારના આદેશ અનુંસાર સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આવેલ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ મુખ્ય માર્કેટ વિસ્તારમાં સઘન અને અસરકારક સાફ સફાઈ ઝુંબેશના કાર્યક્રમ માટેનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

વધુમાં મિશન ડાયેરેકટરશ્રી "મહાત્મા ગાંધીજીની સ્વચ્છતા મિશન" ગાંધીનગરના તા.૧૦/૦૩/૧૬ના પત્ર મુજબ હેરીટેજ/જુના વિસ્તાર તેમજ માર્કેટ વિસ્તારમાં ખાસ સઘન સાફ સફાઈ ઝુંબેશ હાથ ધરવા જણાવવામાં આવેલ જે અંતર્ગત આજ તા.૩૦/૦૩/૧૬ના રોજ વરાછાઝોનના વિસ્તારમાં અશ્વીનીકુમાર તુલસીવાડી ત્રણ પાનનો વડ, મોટાવરાછા ગામતળ તેમજ મુખ્ય માર્કેટ જેવી કે ભકિતનગરમાર્કેટ, મોદી મહોલ્લોમાર્કેટ, સંતોષીનગરમાર્કેટમાં ઘનિષ્ઠ સાફ સફાઈ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં ૪૭ સફાઈ કામદાર, ૮ સુપરવાઈઝર સ્ટાફની સીધી દેખરેખ હેઠળ કામગીરી કરાવી જેમાં ૩.૯૭૫ મેટ્રીક ટન કચરાનો નિકાલ કરાવ્યા બાદ ૨૯૦ કીલોગ્રામ જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. તેમજ તમામ શાકમાર્કેટમાં વેચાણ કર્તાઓને સ્વચ્છતા રાખવા બાબતે કડક સુચના આપવામાં આવેલ હતી.

# સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ

## સ્વચ્છતા ભારત અભિયાન

## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે. જે અંતર્ગત આજ તા.૩૦/૦૩/૧૬નાં શહેરમાં આવેલ મહાનગરપાલિકા સંચાલિત/ખાનગી શાકભાજી/ફ્રુટ માર્કેટ, ફીશ/મટન માર્કેટ, કતલખાના, દુધ ડેરી તથા એપીએમસી માર્કેટની અંદર તથા બહારનાં ભાગે સાફ સફાઈ કામગીરીનાં પ્રોગ્રામ અન્વયે શહેરનાં ઝોન વિસ્તારમાં આવેલ પૈકીની ૭૧ સરકારી/ખાનગી શાકભાજી/ફ્રુટ માર્કેટ, ૧૦ ફીશ/મટન માર્કેટ, ૦૨ કતલખાના, ૩૦ દુધ ડેરી તથા એપીએમસી માર્કેટની અંદર તથા બહારનાં આજુબાજુનાં તમામ વિસ્તારોમાં ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી જંતુનાશક પાવડરનો છંટકાવ કરાવી તથા ૮૦ કિ.ગ્રા. અખાધ પ્રદાર્થનો નાશ, ૭૧ ઈસમોને નોટીસ પાઠવી ૯૯ ઈસમો પાસે રૂા.૧૨,૬૦૦/– વહીવટી ચાર્જ વસુલ કર્યા બાદ અપ્રતિબંધિત પ્લાસ્ટીક ૧૬.૭૦૦ કિ.ગ્રા. પણ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૨૦૩૨

# પ્રેસનોટ

## " સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયત સ્થિત ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી – ભેદવાડ– ભેસ્તાન)માં કરેલ ડીમોલીશનની કામગીરી "

આજ તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત), ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી – ભેદવાડ– ભેસ્તાન), બ્લોક નં.૨૮૪ માં આવેલ સંતોષીનગર સોસાયટીમાં ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ.

અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી – ભેદવાડ– ભેસ્તાન)ના બ્લોક નં.૨૮૪ માં સંતોષીનગર સોસાયટી આવેલ છે. સદર સોસાયટીનાં સબ પ્લોટ નં. એ/૧ થી એ/૧૨ વાળી જગ્યામાં હયાત ૧૨ દુકાનોની ઉપર સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર પ્રથમ માળ ઉપર આશરે ૧૧૦' × ૧૬' જેટલા માપવિસ્તારમાં આર.સી.સી.સ્લેબ, બીમ અને કોલમ સહિતનું બાંધકામ કરવામાં આવેલ. સદર બાંધકામને અત્રેની કચેરીએથી વારંવાર અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો દ્વારા તેની અવગણના કરી બાંધકામ ચાલુ રાખેલ. આથી આજરોજ શહેર વિકાસ ખાતાના તથા દબાણ ખાતાના સ્ટાફ દ્વારા ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.જેમાં ગેરકાયદેસર બાંધકામ અન્વયે આશરે ૧૮૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી.સ્લેબ તોડી પાડવામાં આવેલ જયારે ૧૦૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામ દુર કરવામાં આવેલ.

ઉપરોકત સમગ્ર કામગીરી દરમ્યાન ઝોનનાં ડે.ઈજનેરો, આસી. /જુની.ઈજનેર, દબાણ ખાતાનાં ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૩૦ બેલદારોની ટીમ રોકાયેલ અને ખાનગી એજન્સીના ૨૦ માણસોની મદદથી કામગીરી સુપેરે પાર પડેલ.

## નેશનલ સ્કુલ ઓફ ડ્રામા, નવી દિલ્હી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સુરતના કલાપ્રેમી નગરજનો માટે વિનામૂલ્યે ભારતની આદિજાતિ કલાઓનો અનોખો કાર્યક્રમ

## 'આદિરંગ મહોત્સવનું સમાપન'

દેશના વિવિધ વિસ્તારોમાં કુદરતના ખોળે અને કુદરત ઉપર જ આધાર રાખીને નિરામય અને આનંદનું જીવન જીવતા આદિવાસીઓની કલાસમૃદ્ધિ અને કલાવારસાની ઝાંખી શહેરીજનોને થાય તેવા ઉદ્દેશથી સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારના નેજા હેઠળના નેશનલ સ્કુલ ઓફ ડ્રામા, ન્યુ દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકાના સહયોગથી સુરત ખાતે ''નેશનલ ટ્રાઈબલ ફેસ્ટીવલ'' અંતર્ગત 'આદિરંગ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૮/૦૩/૧૬ થી તા.૩૦/૦૩/૧૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન ખાતે પ્રાદેશિક ભાષામાં નાટકો અને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે લોકનૃત્યો પ્રસ્તુત થયા હતા. તા.૨૮/૦૩/૧૬ના રોજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આદિજાતિ લોકગીત, લોકસંગીત, લોકનૃત્ય અને ઢોલ નગારાના ગગનભેદી નાદ સાથે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, જાણીતા ફિલ્મ અભિનેતા અને દિગ્ગજ નાટ્ય કલાકાર શ્રી મનોજ જોષી, જાણીતી અભિનેત્રી હિમાની શીવપુરી, મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., નેશનલ સ્કુલ ઓફ ડ્રામાના ડાયરેકટરશ્રી પ્રો.વામન કેન્દ્રે અને અન્ય ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં શુભારંભ કરવામાં આવેલ 'આદિરંગ મહોત્સવ'ના ત્રણ દિવસમાં આદિવાસી કલાકારોએ પ્રાદેશિક ભાષામાં નાટકો અને વિવિધ લોકનૃત્ય રજુ કરી શહેરના કલાપ્રેમીઓને રસતરબોળ કર્યા હતા.

શહેરી સંસ્કૃતિ કરતાં જુદી એવી તેમની સંસ્કૃતિનો મહામૂલો વારસો તેમના મેળા અને ઉત્સવો–પર્વોમાં જોવા મળે છે. અને મેળા–ઉત્સવો થકી જીવન અને રીતરીવાજોને વણી લઈને તેમના વાજિંત્રો અને લોકનૃત્યો થકી આનંદ અનુભવે છે. લોકનૃત્યોમાં ઢોલના તાલ સાથે, શરણાઈના સૂર ઉપર જીવનનો શ્રમ અને દુઃખ ભુલીને નૃત્ય દ્વારા આનંદ મેળવે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ટોપ ટેનમાં સ્થાન ધરાવતી દેશની સમૃદ્ધ એવી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ત્રણ દિવસ યોજાયેલ આદિરંગ મહોત્સવમાં નાગાલેન્ડ, ઓરીસ્સા, હૈદરાબાદ, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ, લેહ અને લદાખ, આસામ, ઝારખંડ, તેલંગણા, કેરળ, કર્ણાટક, તામિલનાડુ, ઉત્તરાખંડ, ત્રીપુરા, મહારાષ્ટ્ર, પોંડીચેરી, સિકકીમ, છત્તીસગઢ, નાસીક, ગુજરાત, રાજસ્થાન વિગેરે ૨૨ જેટલા વિવિધ રાજયોના ૫૦૦ થી વધુ કલાકારો નાગ યુધ્ધ નૃત્ય, શંખ વાદન, દાપ્પુ નૃત્ય, ગુદુંબ વાજા, હબ્બી, જાવરો અને મુખવટા નૃત્ય, ઢાલ થુંગાર અને બાર્દાઈલ શિકલા પાયકા અને મર્દાની, ઝુવાર, માતુરી નૃત્ય, તીજન નૃત્ય, ઢ

ોલુ કનીઠા, દેવરત્તમ, ઘસીયારી/ છાપેલી, સંગ્રીય મોગ નૃત્ય, શૈલકર્મ નૃત્ય, વણઝારા નૃત્ય, રીરાઈ રીરાનાટયમ, ઘાંટુ પાંથી નૃત્ય, મુખવટા ગીત, સીંઘારી નૃત્ય, રાઠવા નૃત્ય, સિદી ધમાલ, ચક્રી નૃત્યની રમઝટ થકી આદિજાતિ જીવન અને લોક સંસ્કૃતિને નજીકથી નિહાળવાની નગરજનોએ ગૌરવવંતી તકને ઝડપી તેઓના જીવન, રીત રીવાજોથી માહિતગાર થયા હતા.

ઈન્ડોર સ્ટેડિયમ ખાતે કેરલનું મંદિરો અને તહેવારોમાં કરવામાં આવતું સિંગારી ચંડમેલમ લોકનૃત્યમાં રજુ થયેલ લોકગીતમાં ભગવાનના અલગ અલગ સ્વરૂપો શંકર, પાર્વતી, ક્રિષ્નાની વેશભુષા ધારણ કરીને ૨૫ પ્રકારના અલગ અલગ નૃત્યોએ પ્રેક્ષકોને ચકીત કરી દીધાં હતાં. તામિલનાડુની મહિલાઓ દ્વારા રજુ થયેલ લોકનૃત્યમાં ઢોલ, વાંસળી અને સૂપડાનો ઉપયોગ કરી સ્ત્રીની શૂરવીરતા દાખવી હતી. ઓરિસ્સાના કલાકારોએ લાંબા સમય સુધી શ્વાસ જાળવી શંખ વાદન સાથે નૃત્ય કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. મધ્યપ્રદેશના કલાકારોના પારંપરિક ગફલા, ટીમકી, શહેનાઈ અને મંજીરા જેવા વાદ્યોનો ઉપયોગ કરી પગમાં લોખંડના કડા, હાથમાં લાકડાની બંદૂક અને રંગીન કપડાં પહેરી ગિરદા નૃત્યએ રંગ જમાવ્યો હતો.  સીદી નૃત્યમાં તેમની ચીચીયારીઓ ને ધૃત ગતિના તાલએ આફ્રિકાની શેર કરાવી હતી.  સિકકીમમાં દશેરા, દિવાળી અને નવરાત્રી જેવા શુભ પ્રસંગોએ ફકત અપરિણીત યુવતીઓ દ્વારા લાલ કલરની વેશભૂષામાં રજુ થતા ઘંટૂ લોકનત્યએ શહેરીજનોને ડોલાવ્યા હતા. ઉડિસાના કલાકારોએ ઢોલ, ઠીમસા અને ગુગરા જેવા વાજીંત્રો સાથે યુવક–યુવતીઓની જોડીમાં આનંદ–ઉલ્લાસ માટે થતા તાલબધ્ધ સિંગોરી નૃત્યને માણવા પ્રેક્ષકોને મઝા પડી હતી. મધ્યપ્રદેશમાં જન્મ–મરણ પ્રસંગે માત્ર પુરૂષો દ્વારા જ કરવામાં આવતા ગુડુમબાજા લોકનૃત્યમાં ૧૦ કિલોના ઢોલ, ડફલા, શરણાઈની ધૂન સાથે લહેકી સ્વરમાં નૃત્ય રજુ કર્યુ હતું. ગુજરાતના છોટાઉદેપુરના રાઠવા આદિવાસી કલાકરોએ રામઢોલ, શહેનાઈ, નગારી અને થાળીની ધૂન પર હોળીનૃત્ય અને કેરળના કલાકરોએ માયી–પીલ્લી–થ્વોકમ નૃત્ય કર્યુ હતું. લોકસંસ્કૃતિ અને લોક કલાઓના અમૂલ્ય વારસાની ઝાંખી કરાવતા આ આદિરંગ મહોત્વને સુરતના કલાપ્રેમીઓ જોઈને દંગ રહી ગયા હતા. ઈન્ડોર સ્ટેડીયમની બહારની પેરાફેરીમાં પારંપરીક કલાઓ સાથે આદિજાતિ હસ્ત કલાકારો દ્વારા પોતાની અદ્વિતીય કારીગરીના ક્રાફટ મેળાના ૪૦ જેટલા સ્ટોલમાં રજુ થયેલ વિવિધ હસ્ત કલાના નમુનાઓ, પ્રિન્ટેડ ટેમ્પલ કળા, રમકડા, મૂર્તિ, ફ્રેમ, શો–પીસ વિગેરેએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ગાંધી સ્મૃતિ ભવન ખાતે તા.૨૮ અને ૨૯મી માર્ચના રોજ રજુ થયેલ પ્રાદેશિક ઓડિસી નાટક 'ઘીનુઆ' અને રાજસ્થાની મેવાડી નાટક 'પોસ્ટર'એ પણ રંગ જમાવ્યો હતો. ગાંધી સ્મૃતિ ભવન ખાતે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાના ડાયરેકટરશ્રી પ્રો.વામન કેન્દ્રેના નિર્દેશનમાં રજુ થયેલ હિન્દી નાટક ''મોહે પીયા''ને નાટ્યપ્રેમી નગજનોએ મનભરીને માણ્યું હતું. કાર્યક્રમને વધુમાં વધુ લોકો માણી શકે તે માટે પ્રચાર પ્રસાર માધ્યમની સાયન્સ સેન્ટર ખાતે પ્રેસ કોન્ફરન્સ રાખવામાં આવી હતી. આ તમામ કાર્યક્રમો વિનામૂલ્યે રાખવામાં આવ્યા હતા. જેને નાટ્યપ્રેમી અને કલારસિક શહેરીજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમોને માણવા સાથે પ્રાદેશિક કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા.



# પ્રેસનોટ
# સાઉથઝોન(ઉધના)
# સુરત મહાનગરપાલિકા

**તા.૩૧.૦૩.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૧.૪૯ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે,તથા **કુલ–૦૭,** લોકેશન(ખાડા) **૨૩૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૧૦** લોકેશન, **૧૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા રોડ પૈકી **૪** લારીઓ અને **રૂા.૧૩,૮૦૦/–** નો વહીવટી ખર્ચ, ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪,** પાણીના નવા કનેકશન કુલ **૦૫** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાંણા પેટે **રૂા.૧૯,૮૫૫/–** વસુલ લેવામાં આવેલ,**આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૦** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૫૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૮૯.૭૩** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા. ૬.૮૯** લાખ થયેલ છે., **૩** EC તથા **૫** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૬૦૦/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,૪૩ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૪** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૯૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૯૫.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૬** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ

**રૂા. ૩૨૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૫૨૭૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૧૧૧૩૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૨૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૦૭** કરવામાં આવેલ છે. જયારે **૮** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૭૬૫૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૨૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલે તેમજ વહીવટી ખર્ચના રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા વસુલાતની કામગીરી દરમ્યાન નીચે જણાવેલ કુલ ૦૯ મિલ્કત સીલ કરવામાં આવેલ છે. કરદાતાઓ પાસેથી રૂા.૫૨,૧૩,૦૨૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

(૧) કબ્જે. રવજીભાઈ મગનભાઈ કશોદરિયા વિગેરે..., દુકાન નં.૧, વ્રજવાટિકા રેસી.–એ, રાજલક્ષ્મી

રો–હાઉસ, ગુરુકૃપા સોસા. પાછળ, ડભોલી રોડ, કતારગામ, સુરત. બાકી વેરો રૂા.૧૫,૧૭૧/–

(૨) હો. આત્મારામજી હેમારામજી વિગેરે..., દુકાન નં.૬, ત્રિમૂર્તિ એપાર્ટ., બહુચરનગર સો., વેડરોડ,

સુરત. બાકી વેરો રૂા.૨૩,૩૦૮/–

(૩) કબ્જે. મોહનલાલ જગજીવન પટેલ, શ્રીરામ એપાર્ટ., દુકાન નં.૪, વિહાર કો. ઓ. હા. સોસાયટી,

સીંગણપોર રોડ, કતારગામ, સુરત. બાકી વેરો રૂા.૩૬,૪૮૧/–

(૪) રણછોડભાઈ નગીનભાઈ, પ્લોટ નં.૩૬,૩૭,૩૮,૩૯,૪૦,૪૧ ચિત્રકુટ સોસા., નવા મહોલ્લો,

શુકન એપાર્ટ. પાછળ, સીંગણપોર રોડ, સુરત. બાકી વેરો રૂા. ૧,૦૪,૪૩૨/–

વ્યવસાયવેરા / ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૦૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૮૫,૯૩૦/– અને આર.સી.ની ૭૫ એન્ટ્રીમાં રૂા.૫,૭૨,૨૩૮/– મળી કુલ રૂા.૬,૫૮,૧૬૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૬૦/–, રીન્યુઅલની ૨૨ એન્ટ્રીમાં રૂા.૧૨૬૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

# પ્રેસનોટ

## "ડોટસ" પ્રોગ્રામ ધ્વારા
## સ્કેટ કોલેજ વિધાર્થીઓનાં સહયોગથી ટીબીનાં દર્દીઓને ફુડ કીટ સહાય

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ચાલતા રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ટીબીનું નિદાન તથા ડોટસ સારવાર તમામ હેલ્થ સેન્ટરમાં વિનામૂલ્યે ઉપલબ્ધ છે, મલ્ટી ડ્રગ રેસીસ્ટન્ટ ટીબીનું નિદાન તથા સારવાર પણ વિનામૂલ્ય ઉપલબ્ધ કરાવેલ છે. ઘણા દર્દીઓને બરાબર પોષણ મળતુ ન હોય તો તેની સારવાર સારી રીતે થઈ શકતી નથી તથા તે બરાબર સાજા થવામાં તકલીફ પડતી હોય છે.

પ્રોગ્રામની જરૂરીયાત ને ધ્યાનમાં લઈ આવા ગરીબ દર્દીઓ કે જેઓને પોષણક્ષમ ખોરાક મળતો નથી અથવા લઈ શકતા નથી તેની જાણ સ્કેટ કોલેજના સ્ટુડન્ટસ ને થતા તેઓ આવા દર્દીઓને ન્યુટ્રીશનલ કીટ આપવા તૈયારી બતાવી તથા તેમણે પોતાનાં પોકેટ મનીમાંથી બચત કરી કુલ–૫૦ દર્દીઓ માટે અનાજ , કઠોળ, દાળ, ચોખા, તેલ વિગેરેની કીટ તૈયાર કરી આપી જે ને એનાયત કરવાનો કાર્યક્રમ સુરત મહાનગરપાલિકામાં ડે.કમીશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈની અધ્યક્ષતા હેઠળ રંગ ઉપવન ખાતે યોજાયેલ જેમાં સીટી ટીબી ઓફીસર ડો. કે.એન.શેલડીયા ધ્વારા દર્દીઓને શું કાળજી રાખવી કેવો ખોરાક લેવો, સારવાર પુરી કરવાનું માર્ગદર્શન આપવામાં આવેલ, એમ.ડી.આર પ્રકારનાં ગંભીર ટીબીથી પીડાતા કુલ ૫૦ દર્દીઓને આવી ફુડ કીટ અર્પણ કરવામાં આવી હતી.

ખાસ નોંઘનીય બાબત એ હતી કે ફુડ કીટ સ્ટુડન્ટનાં પોકેટ મનીનાં સહયોગ ધ્વારા તૈયાર કરી હતી જે ખાસ સરાહનીય, ઉમદા તથા અન્યનાં માટે પ્રેરણા દાયી પગલુ છે જે હજુ આગળ જતા વધારે ઉપયોગી થશે. આ તબકકે સ્કેટનાં વિધાર્થી ગ્રુપનો આભાર માનતા તમામને અપીલ કરવાની કે આવા કોઈ પણ જરૂરીયાત વાળા દર્દી હોય કે તેમને મદદ કરવા સમગ્ર સમાજને, સ્વૈચ્છિક સંસ્થાઓને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ આગળ આવી મદદરૂપ થાય.




સુરત મહાનગરપાલિકા 'ડોટસ' પ્રોગ્રામ આયોજિત ફુડ કીટ વિતરણ કાર્યક્રમ રંગ ઉપવન ખાતે યોજાયેલ હતો જેમા ડે.કમીશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત દેસાઈ ની અધ્યક્ષતામાં સીટી ટીબી ઓફીસર  ડો. કે.એન.શેલડીયા તથા અન્ય સ્ટાફની હાજરીમાં સ્કેટ કોલેજમાં સ્ટુડન્ટ ગ્રુપ ધ્વારા  ગંભીર ટીબીના કુલ:૪૫ દર્દીઓને ફુડ કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**પ્રેસ નોટ :-**

સુરત મહાનગરપાલિકામાં હાલમાં સામાન્ય રીતે રૂા.૧૦.૦૦ લાખ કે તેનાથી ઉપરના અંદાજીત રકમનાં કામો માટેના ટેન્ડરો ઓનલાઈન (E-Tendering) થી મંગાવવામાં આવે છે. Ministry of Finance, Department of Expenditure, New Delhi ધ્વારા ઓફિસ મેમોરેન્ડમમાં દર્શાવ્યા મુજબ રૂા.૨.૦૦ લાખ કે તેનાથી ઉપરની અંદાજીત રકમ માટે e-procurement કરવાનું જણાવેલ છે. જેથી હવે તા.૦૧.૦૪.૨૦૧૬ થી રૂા.૨.૦૦ લાખ કે તેનાથી ઉપરની અંદાજીત રકમના કામો માટે ઓનલાઈન ટેન્ડર (E-Tendering) થી ટેન્ડર મંગાવવાનું નકકી કરેલ છે.

આમ કરવાથી ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શકતા વધશે, અને ગોપનિયતા જળવાશે, તેમજ ફીઝીકલ ટેન્ડર મંગાવવાથી ટેન્ડર પ્રક્રિયામાં થતા ખર્ચ તેમજ સમયમાં પણ બચત થશે. ફીઝીકલ ટેન્ડર મંગાવતા ટેન્ડર ઈસ્યુ કરતા પહેલા પ્રાઈસબીડ તેમજ ટેકનીકલ બીડના સેટો તૈયાર કરવાના રહેતા હોય છે. જો ટેન્ડર કોપી ઓછી ઈસ્યુ થાય તો આ સેટો બીનજરૂરી પડયા રહે છે અને જો ટેન્ડર કોપી વધુ ઈસ્યુ કરવાની થાય તો નવા સેટો તૈયાર કરવા માટે લાગતા સમય માટે ટેન્ડરની ઈસ્યુ તારીખ પણ લંબાવવી પડતી હોય છે. જયારે ઈ–ટેન્ડરીંગમાં વેબસાઈટ પર સોફટ કોપી ફકત એક જ વખત અપલોડ કરવાની રહે છે. જેથી ઉપરોકત બીનજરૂરી ખર્ચ તેમજ સમય બચાવી શકાય છે. તેમજ ઈ–ટેન્ડરીંગમાં ટેન્ડર સ્વીકારવાની અંતિમ તારીખ પુર્ણ થયા બાદ જ કુલ કેટલા ટેન્ડરરોએ ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લીધો છે તે માલુમ પડે છે. આથી ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શકતા જળવાઈ રહે છે.

જનસંપર્ક વિભાગ

30 MAR 2016

સુરત મહાનગર સેવા સદન
તરફથી સાદર સમાચાર યાદી
નં. 2037

૨૦૩૮

# — : પ્રેસનોટ : —

## સને ૨૦૧૬–૨૦૧૭ નાં વર્ષમાં એડવાન્સ મ્યુ.ટેક્ષ ભરતા કરદાતાઓ માટે રીબેટ અંગેની વિશેષ સૂચના.

સને ૨૦૧૬–૧૭ નાં વર્ષ માટે એડવાન્સ મ્યુ.ટેક્ષ ભરતા કરદાતાઓ માહે એપ્રિલ–૨૦૧૬ દરમ્યાન ૧૦% રીબેટ (વળતર)નો લાભ તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૦/૦૪/૨૦૧૬ સુધી તથા માહે મે–૨૦૧૬ દરમ્યાન ૭% રીબેટ (વળતર)નો લાભ તા.૦૧/૦૫/૨૦૧૬ થી તા.૩૧/૦૫/૨૦૧૬ સુધી મેળવી શકશે.

- જે કરદાતાઓ સને ૨૦૧૬–૧૭ નાં વર્ષનો તમામ મિલ્કત વેરો અગાઉની તમામ પાછલી બાકી સહિત પૂરેપૂરો ચુકવી આપશે તો તેઓને માહે એપ્રિલ–૨૦૧૬ દરમ્યાન ચૂકવણીનાં પ્રસંગે સામાન્ય વેરાનાં (યુઝર ચાર્જીસ સિવાય) ની રકમ ઉપર ૧૦% નાં દરે રીબેટ (વળતર) આપવામાં આવશે.
- જે કરદાતાઓ સને ૨૦૧૬–૧૭ નાં વર્ષનો તમામ મિલ્કત વેરો અગાઉની તમામ પાછલી બાકી સહિત પૂરેપૂરો ચુકવી આપશે તો તેઓને માહે મે–૨૦૧૬ દરમ્યાન ચૂકવણીનાં પ્રસંગે સામાન્ય વેરાનાં (યુઝર ચાર્જીસ સિવાય) ની રકમ ઉપર ૭% નાં દરે રીબેટ (વળતર) આપવામાં આવશે.
- શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧/૦૩/૨૦૧૬ નાં રોજ " સીનીયર સીટીઝન " તરીકેનો દરજજો ધરાવતાં હશે અને તા.૩૧/૦૫/૨૦૧૬ સુધીમાં સીનીયર સીટીઝન તરીકેના જરૂરી પુરાવા સાથે અરજી કરશે તેમજ સને ૨૦૧૬–૧૭ નાં વર્ષના બીલ મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાઓ તથા શિક્ષણ ઉપકર સહિતનો પૂરેપૂરો વેરો ભરપાઈ કરશે તો **તેઓની ગમે તે એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલકત કરના ૧૦% વળતર (રીબેટ) આપવામાં આવશે.**
- સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રોપર્ટી ટેક્ષની ચૂકવણી માટે ઓનલાઈનની પણ સુવિધા હોય વર્ષ ૨૦૧૪–૧૫ માં રાત્રે ૧૨:૦૦ પછી એડવાન્સ ટેક્ષ ઓનલાઈન ચૂકવણી કરવા માટે પણ શહેરીજનોએ શરૂઆત કરી દીધી હતી. વર્ષ ૨૦૧૪–૧૫માં રાત્રે ૧૨:૦૦ થી ૧:૦૦ દરમ્યાન ૧૦ કરદાતાઓએ ઓનલાઈન પ્રોપર્ટી ટેક્ષ ભરેલ હતો. આજરોજ સાત ઝોન થઈને સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂા. ૫૯૧ કરોડનો કુલ વેરો ભરપાઈ કરેલ છે.